

કોઈ પરિણામને હું ફેરવી શકું નહીં, માત્ર જાણું--એવો મારો સ્વભાવ છે; એમ જ્ઞાનસ્વભાવની પ્રતીતમાં સમ્યક્ત્વ–પરિણામનો ઉત્પાદ છે ને તેમાં મિથ્યાત્વનો વ્યય છે જ, એટલે મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ પ્રગટ કરું એ વાત નથી રહેતી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [૬૪૯] * **આત્મધર્મ** * [અંક-૫ વર્ષ-૫૪] વીર સં. ૨૫૨૪ નવેમ્બર-૧૯૯૭

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જિસ જીવને જિસ તરહસે જબ જહાં જો દુઃખ-સુખ પ્રાપ્ત કરના હોતા હૈ, ઉસ જીવકો ઉસ તરહસે, ઉસ સ્થાનમેં, ઉસ કાલમેં વહ દુઃખ-સુખ દૈવકે નિયોગસે અવશ્ય પ્રાપ્ત હોતા હૈ. પૂર્વકાલમેં જીવને જો અચ્છા યા બૂરા કર્મ કિયા ઔર ઈસ સમય વહ પક કર ફલ દેનેકે સન્મુખ હુઆ તો ઉસકો કિંચિત્ ભી અન્યથા કરનેમેં ઈન્દ્ર ભી કિસી તરહ સમર્થ નહીં હૈ અર્થાત્ કિયે હુયે કર્મકા ફલ જીવકો અવશ્ય ભોગના હોતા હૈ. કોઈ દૂસરા ઉસમેં કુછ ભી હેરફેર નહીં કર સકતા. ૪૮૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૪૬-૩૪૭)*

❀ હે નાથ ! આપની સ્તુતિ-પૂજન કરવાથી આરંભ આદિ વડે થોડું પાપ અવશ્ય થાય છે. પરંતુ જેમ શીતળ તથા કલ્યાણકારી જળથી ભરેલા મહાસાગરને વિષનું એક ટીપું ખરાબ કરી શકતું નથી, તેમ જિનપૂજનના પુષ્કળ પુણ્યરાશિ પાસે તે અલ્પ પાપ અફળ બની જાય છે. ૪૮૫.

*(શ્રી સમંતભદ્ર આચાર્ય, બૃહદ્ સ્વયંભૂસ્તોત્ર, શ્લોક-૫૮)*

❀ તન, ધન, રૂપ, સંપદા, યૌવન, અધિકાર, રાજ્ય, લક્ષ્મી અને મહત્તા આદિ ક્ષણભંગુર સંપદાનો ગર્વ કરવો એ મુમુક્ષુને યોગ્ય નથી. કારણ સત્તાગુણે સિદ્ધ સમાન અને ત્રૈલોક્યના આભૂષણરૂપ આત્માને તુચ્છ અને ક્ષણિક એવી વસ્તુ પામીને ગર્વ કરવો શોભતો જ નથી. માન એ જ મોક્ષસુખમાં પરમ વિઘ્નભૂત છે. મહાન તપસ્વી, પરમ વિવેકી અને અતિ બળવાન એ બાહુબલી જેવા પુરુષને પણ એ સૂક્ષ્મ માનના ઉદયે એક વર્ષ જેટલા લાંબા કાળ પર્યંત નિરાવરણ આત્મસુખ અખંડિતપણે અનુભવવા દીધું નહિ. તો પછી અન્ય અલ્પ શક્તિધારક જીવો માનને સેવી ક્યાંથી મોક્ષલક્ષ્મીને વરે ? મોક્ષ-સુખપ્રાપ્તિમાં માન એ પ્રબળ અંતરાયરૂપ છે. ૪૮૬. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૧૭)*

કહાન
સંવત-૧૮
વર્ષ ૫૫
અંક-૫
[ ૬૪૯ ]

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
NOV.
A. D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગી વિજ્ઞાનમાં જણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ શ્રી પ્રવચનસાર ગાથા-૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૫ ]

આ વિષય બહુ સૂક્ષ્મ, પરમ સત્ય અને ગંભીર છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો પૂર્ણ જાણ્યો ને તેવો જ વાણીમાં આવી ગયો. જેવો વસ્તુનો સ્વભાવ છે તેવો જાણીને માને તો જ્ઞાન અને શ્રદ્ધા સમ્યક્ થાય, વસ્તુના સ્વભાવને જેવો હોય તેવો ન જાણે ને બીજી રીતે માને તો સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ શ્રદ્ધા થાય નહિ અને તેના વગર વ્રત-તપાદિ સાચા હોય નહિ. વસ્તુના સ્વભાવની સ્થિતિ શું છે અને તેના નિયમો કેવા સત્ય છે, તેનું આ વર્ણન છે. આ સમજવા માટે જ્ઞાનમાં એકાગ્ર થવાની જરૂર છે.

જુઓ, અત્યાર સુધી શું કહેવાયું છે? દરેક ચેતન ને જડ પદાર્થો સ્વયં સત્ છે. તેમાં એકેક સમયમાં પરિણામ થાય છે, તે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા છે. મૂળ વસ્તુ ત્રિકાળ છે, તે વસ્તુ અસંયોગી-સ્વયંસિદ્ધ છે, તે કોઈથી બનેલી નથી ને તેનો ક્યારેય નાશ નથી; જ્યારે જુઓ ત્યારે તે સત્પણે વર્તમાન વર્તી રહી છે.

એકેક સમયના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે તેમાં વસ્તુ વર્તી રહી છે. દરેક દ્રવ્યમાં, ત્રણકાળના જેટલા સમયો છે તેટલા પરિણામો છે. જેમ સોનાનાં

સો વર્ષો લઈએ, તો તે સો વર્ષમાં થયેલી કડું, કુંડળ, હાર વગેરે બધી અવસ્થાનો એક પિંડ તે સોનું છે, તેમ દરેક દ્રવ્ય ત્રણકાળના બધા પરિણામોનો પિંડ છે. તે પરિણામો ક્રમેક્રમે—એક પછી એક થાય છે. ત્રણકાળના સમસ્ત પરિણામોનો પ્રવાહ તે દ્રવ્યનો પ્રવાહક્રમ છે. ને તે પ્રવાહક્રમનો એક સમયનો અંશ તે પરિણામ છે. ત્રણકાળના જેટલા સમયો છે તેટલા જ દરેક દ્રવ્યના પરિણામો છે. તે એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એવા ત્રણ પ્રકાર સિદ્ધ કર્યા છે. પોતપોતાના નિશ્ચિત અવસરમાં દરેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા છે. કોઈથી કોઈના પરિણામનો ઉત્પાદ થાય કે કોઈ પરિણામો આઘાપાછા થાય એ વાત તો ક્યાંય ઊડી ગઈ; કોઈ પરિણામો આઘાપાછા ન થાય એ નિર્ણયમાં તો સર્વજ્ઞતાનો નિર્ણય ને જ્ઞાયકદ્રવ્યની દૃષ્ટિ થઈ જાય છે.

આત્મામાં વર્તમાન જે જ્ઞાન-અવસ્થા છે તે અવસ્થામાં જ્ઞાનગુણ વર્તી રહ્યો છે. બીજી અવસ્થા થશે ત્યારે તેમાં વર્તમાન વર્તશે ને ત્રીજી અવસ્થા વખતે તે ત્રીજી અવસ્થામાં વર્તમાન વર્તશે. એ રીતે, બીજી-ત્રીજી ચોથી એમ બધીયે અવસ્થાઓના પ્રવાહનો પિંડ તે જ્ઞાનગુણ છે. એવા અનંતગુણોનો પિંડ તે દ્રવ્ય છે. દ્રવ્યના સમયે સમયે જે પરિણામો થાય છે તે પરિણામો પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ છે, પૂર્વના અભાવની અપેક્ષાએ વ્યયરૂપ છે, ને સળંગપ્રવાહમાં વર્તનારા અંશપણે તે ધ્રુવ છે. આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પરિણામ છે તે દરેક દ્રવ્યનો સ્વભાવ છે. એવા સ્વભાવમાં દ્રવ્ય નિત્ય વર્તી રહ્યું છે તેથી દ્રવ્ય પોતે પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવવાળું છે —એમ અનુમોદવું.

દરેક ચીજ પલટતી-નિત્ય છે. જો વસ્તુ એકલી 'નિત્ય' જ હોય તો તેમાં દુઃખ-સુખ ઇત્યાદિ કાર્ય થઈ શકે નહિ, અને જો વસ્તુ એકાંત 'પલટતી' જ હોય તો તે ત્રિકાળ ટકી શકે નહિ, બીજી ક્ષણે તેનો સર્વથા અભાવ થઈ જાય. માટે વસ્તુ એકલી નિત્ય કે એકલી પલટતી નથી, પણ નિત્ય ટકીને ક્ષણે ક્ષણે તે પલટે છે. એ પ્રમાણે નિત્ય-પલટતી વસ્તુ કહો કે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્' કહો, તેનું આ વર્ણન છે. નાનામાં નાના કાળમાં થતા પરિણામમાં વર્તતું-વર્તતું દ્રવ્ય નિત્ય ટકી રહ્યું છે. તેના એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે—એ વાત થઈ ગઈ છે ને તે દ્રવ્ય પોતે પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે—એ વાત ચાલે છે.

બધા પદાર્થો સત્ છે. પદાર્થ છે એમ કહેતાં જ તેનું સત્પણું આવી જાય છે. પદાર્થોનું સત્પણું પૂર્વે (૯૮મી ગાથામાં) સિદ્ધ કરી ગયા છે. પદાર્થો સત્ છે ને સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. કોઈ પણ વસ્તુ હોય તે વર્તમાન-વર્તમાનપણે વર્તતી રહે ને?—કાંઈ ભૂત કે ભવિષ્યમાં ન વર્તે. વસ્તુ તો વર્તમાનમાં જ વર્તે અને

તે એકેક સમયનું વર્તમાન પણ જો ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું ન હોય તો વસ્તુનું ત્રિકાળ વર્તવાપણું સાબિત ન થાય. એટલે સમયે સમયે થતા ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા પરિણામમાં જ વસ્તુ વર્તે છે. જેમ દ્રવ્ય ત્રિકાળી સત્ છે તેમ તેના ત્રણે કાળના પરિણામ પણ એકેક સમયનું સત્ છે. એકેક પરિણામને ઉત્પાદ–વ્યય-ધ્રુવયુક્તમ સત્ સાબિત કરીને, અહીં પરિણામમાં વર્તનારા દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ સાબિત કરે છે.

દ્રવ્યનો એક વર્તમાન વર્તતો પરિણામ પોતાપણે ઉત્પાદરૂપ છે. પોતાની પહેલાંના પરિણામ અપેક્ષાએ વ્યયરૂપ છે ને સળંગ પ્રવાહમાં તે ધ્રુવ છે. એ પ્રમાણે પરિણામ ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળો છે ને તે પરિણામમાં દ્રવ્ય વર્તતું હોવાથી દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે. પરિણામના ઉત્પાદ–વ્યય–ધ્રુવ સિદ્ધ કરતાં, તે પરિણામમાં વર્તનારા પરિણામીના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પણ સિદ્ધ થઈ જ જાય છે. માટે કહ્યું કે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું. અનુમોદવું એટલે હોંશથી માનવું, આનંદથી સંમત કરવું.

જો સમય સમયના પરિણામની આ વાત સમજે તો ક્યાંય પરમાં ઘાલમેલ કરવાનો અહંકાર રહે નહિ ને એકલા રાગાદિ પરિણામ ઉપર પણ દૃષ્ટિ રહે નહિ પણ પરિણામી એવા ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ થઈ જાય ને દ્રવ્યદૃષ્ટિ થતાં આનંદનો અનુભવ થયા વિના રહે નહિ. માટે કહ્યું કે...' આનંદથી સંમત કરવું.'

જેમ ત્રિકાળી સતમાં જે ચૈતન્ય છે તે ચૈતન્ય જ રહે છે ને જડ તે જડ રહે છે, ચૈતન્ય મટીને જડ નથી થતું ને જડ મટીને ચૈતન્ય નથી થતું. તેમ એક સમયના સત્માં પણ જે પરિણામ જે સમયમાં સત્ છે તે પરિણામ તે સમયે જ થાય, આઘોપાછો ન થાય. જેમ ત્રિકાળી સત્ છે તેમ વર્તમાન પણ સત્ છે. જેમ ત્રિકાળી સત્ પલટીને બીજારૂપે થઈ જતું નથી તેમ વર્તમાન સત્ પણ પલટીને ભૂત કે ભવિષ્યપણે થઈ જતું નથી. ત્રણેકાળના સમયના વર્તમાન પરિણામ તેનો સ્વ-સમય ( સ્વ-કાળ ) છોડીને પહેલાં કે પછીના સમયે ન થાય. જેટલા ત્રણકાળના સમયો તેટલા દ્રવ્યના પરિણામો, તેમાં જે વર્તમાન પરિણામ છે તે પરિણામ પોતાનું વર્તમાન છોડીને ભૂત કે ભવિષ્યમાં ન થાય. બસ ! દરેક પરિણામ પોતપોતાના કાળમાં વર્તમાન સત્ છે. તે સતને કોઈ ફેરવી ન શકે. સતને ફેરવવાનું માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેને જ્ઞાતાસ્વભાવની પ્રતીત નથી. જેમ ચેતનને ફેરવીને જડ કરી શકાતું નથી તેમ દ્રવ્યના ત્રિકાળી પ્રવાહમાં તે તે સમયના વર્તમાન પરિણામને આઘાપાછા ફેરવી ન શકાય. અહો ! લોકોને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી એટલે જ્ઞેયોના આવા વ્યવસ્થિત સ્વભાવની પ્રતીત નથી બેસતી.

જેમ વસ્તુ અનાદિ અનંત છે તેમ તેનું એકેક સમયનું વર્તમાન પણ પ્રવાહપણે અનાદિ-અનંત છે. વસ્તુ અને વસ્તુનું વર્તમાન—તે પહેલાં પછી નથી. વસ્તુનું વર્તમાન ક્યારે ન હોય? ક્યારેય પણ વર્તમાન વગરની વસ્તુ હોય જ નહિ. બંને એમ ને એમ અનાદિ અનંત છે. ત્રણેકાળમાંથી એક પણ સમયના વર્તમાનને કાઢી નાખો તો ત્રિકાળી વસ્તુ જ સિદ્ધ થઈ શકે નહીં. ત્રણેકાળના વર્તમાનનો પિંડ તે સત્ દ્રવ્ય છે ને તે ત્રણેકાળના દરેક વર્તમાન પરિણામ પોતાના અવસરમાં સત્ છે, તે પોતાપણે ઉત્પાદરૂપ છે, પૂર્વની અપેક્ષાએ વ્યયરૂપ છે ને સળંગ વસ્તુના વર્તમાનપણે ધ્રુવરૂપ છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ તે સત્ છે ને તે દ્રવ્યનો સ્વભાવ છે. આવા સત્‌ને કોણ ફેરવે? સત્‌ને જેમ હોય તેમ જાણે પણ સત્‌ને કોઈ ફેરવી શકે નહિ.

વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયનો જેવો સ્વભાવ છે તેવો જ્ઞાન જાણે છે. અંશને અંશ તરીકે જાણે છે ને ત્રિકાળીને ત્રિકાળ તરીકે જાણે છે; એવો સ્વભાવ જાણતાં એકલાં અંશની રુચિ ન રહેતા ત્રિકાળી સ્વભાવની રુચિ તરફ શ્રદ્ધા ઢળી જાય છે. અંશને અંશ તરીકે ને અંશીને અંશી તરીકે શ્રદ્ધામાં લેતાં શ્રદ્ધાનું આખું જોર અંશ ઉપરથી ખસીને ત્રિકાળી દ્રવ્ય-ગુણ તરફ ઢળી જાય છે. એ જ સમ્યગ્દર્શન છે.

દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય સ્વજ્ઞેય છે. એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ તે આખું સ્વજ્ઞેય છે. તેમાં પર્યાય તે એક સમય પૂરતી છે એમ જાણતાં તેના ઉપર એક સમય પૂરતું જ જોર રહ્યું ને દ્રવ્યને ત્રિકાળી જાણતા તેના ઉપર ત્રિકાળી જોર આવ્યું, એટલે તેની જ મુખ્યતા થઈ અને તેની રુચિમાં શ્રદ્ધાનું બળ વળી ગયું. આ રીતે સ્વજ્ઞેયને જાણતાં સમ્યક્‌ત્વ આવી જાય છે. માટે આ જ્ઞેય-અધિકારનું બીજું નામ સમ્યક્‌ત્વ-અધિકાર પણ છે.

સ્વજ્ઞેય પરજ્ઞેયથી તદ્દન જુદું છે. અહીં રાગ પણ સ્વજ્ઞેયમાં આવે છે. સમયસારમાં દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ત્યાં સ્વભાવદૃષ્ટિમાં રાગની ગૌણતા થઈ જાય છે માટે, ત્યાં 'રાગ આત્મામાં થતો જ નથી, રાગ જડ સાથે તાદાત્મ્યવાળો છે'—એમ કહેવામાં આવે છે ત્યાં દૃષ્ટિઅપેક્ષાએ રાગને પરમાં નાખી દીધો, ને શુદ્ધદ્રવ્યની દૃષ્ટિ કરાવી. અને અહીં આ પ્રવચનસારમાં જ્ઞાન-અપેક્ષાએ કથન છે, તેથી આખુંય સ્વજ્ઞેય બતાવવા રાગને પણ સ્વજ્ઞેયમાં લીધો. દૃષ્ટિ-અપેક્ષાએ રાગ સ્વજ્ઞેયમાં આવે છે; પરંતુ રાગમાં જ સ્વજ્ઞેય પૂરું થઈ જતું નથી. રાગરહિત દ્રવ્ય-ગુણ સ્વભાવ તે પણ સ્વજ્ઞેય છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને સ્વજ્ઞેય તરીકે જાણ્યા ત્યાં રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને રુચિનું જોર દ્રવ્ય તરફ વળી ગયું. એકલા રાગને આખું તત્ત્વ સ્વીકારતાં સ્વજ્ઞેય આખું પ્રતીતમાં આવતું ન હતું ને દ્રવ્ય-ગુણ-

પર્યાયરૂપ આખા સ્વજ્ઞેયની પ્રતીત થતાં તે પ્રતીતનું જોર ત્રિકાળી તરફ વધી જાય છે, એટલે ત્રિકાળીની મુખ્યતા થઈને તે તરફ રુચિનું જોર વળે છે. એ રીતે આમાં પણ દ્રવ્યદૃષ્ટિ આવી જાય છે.

સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય એ બધું થઈને સ્વજ્ઞેય છે, રાગ પણ સ્વજ્ઞેય છે. પણ એમ જાણતાં રુચિનું જોર રાગથી ખસીને અંતરમાં વળી જાય છે. ત્રિકાળી તત્ત્વને ભૂલીને એકલા પ્રગટ અંશને જ જ્ઞેય તરીકે સ્વીકારતી તે મિથ્યારુચિ હતી; દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને જ્ઞેય તરીકે જાણીને અવ્યક્ત-શક્તિરૂપ અંતરસ્વભાવ તરફ ઢળી જાય છે ત્યારે જ સ્વજ્ઞેયને આખું પ્રતીતમાં લીધું છે અને ત્યારે જ તેણે ભગવાને કહેલું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સાંભળ્યું—એમ કહેવાય છે.

જેમ ગોળને ગોળ તરીકે જાણે ને ઝેરને ઝેર તરીકે જાણે તો તે જ્ઞાન બરાબર છે, પણ ગોળને ઝેર તરીકે જાણેને ઝેરને ગોળ તરીકે જાણે તો તે જ્ઞાન ખોટું છે. તેમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને એક સમયમાં આખું સ્વજ્ઞેય છે. તેમાં દ્રવ્યને દ્રવ્ય તરીકે જાણે, ગુણને ગુણ તરીકે જાણે ને પર્યાયને પર્યાય તરીકે જાણે તો જ્ઞાન થાય, પણ જ્ઞાન જેમ છે તેમ ન જાણે ને ક્ષણિક પર્યાયને જ આખું તત્ત્વ માની લ્યે અથવા તો ક્ષણિક પર્યાયને સર્વથા જાણે જ નહિ—તો જ્ઞાન સાચું ન થાય. અને પદાર્થના સાચા જ્ઞાન વિના શ્રદ્ધા પણ સાચી ન થાય ને જ્ઞાન-શ્રદ્ધાન વિના સમ્યક્ચારિત્ર, વીતરાગતા કે મુક્તિ થાય નહીં.

ત્રિકાળી તત્ત્વની રુચિ તરફ વળીને આખું સ્વજ્ઞેય પ્રતીતમાં આવ્યું ત્યારે પરજ્ઞેયને જાણવાની જ્ઞાનની યથાર્થ તાકાત ખીલી. જ્ઞાનની વર્તમાન દશા રાગસન્મુખ અટકીને તેને આખું સ્વજ્ઞેય માનતી તે જ્ઞાન મિથ્યા હતું. તેનામાં સ્વ-પરપ્રકાશક જ્ઞાનસામર્થ્ય ન હતું, ને જ્ઞાનની વર્તમાન દશામાં અંતરની આખી વસ્તુને જ્ઞેય બનાવીને તે તરફ વળી જતાં તે જ્ઞાન સમ્યક્ થયું ને તેનામાં સ્વ-પરપ્રકાશક તાકાત ખીલી ગઈ.

પરિણામના પ્રવાહક્રમમાં વર્તનારું દ્રવ્ય છે—એમ નક્કી કર્યું ત્યાં રુચિનું જોર તે દ્રવ્ય તરફ ઢળતાં રુચિ સમ્યક્ થઈ ગઈ. તે પર્યાયમાં રાગનો અંશ વર્તે છે તે પણ જ્ઞાનના ખ્યાલથી બહાર નથી, જ્ઞાન તેને પણ સ્વજ્ઞેયપણે સ્વીકારે છે. આમ આખા સ્વજ્ઞેયને ( દ્રવ્ય-ગુણને તથા વિકારી-અવિકારી પર્યાયોને ) કબૂલતાં રુચિ તો દ્રવ્ય-ગુણ તરફ વળીને સમ્યક્ થઈ ગઈ, ને જ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું જ્ઞાન સાચું થયું—આવું આ જ્ઞેય-અધિકારનું વર્ણન છે.

જ્ઞેયના ત્રણે અંશને (દ્રવ્ય-ગુણ-પર્યાયને) કબૂલે તે જ્ઞાન સમ્યક્ છે, એક અંશને જ (રાગને જ) કબૂલે તો તે જ્ઞાન મિથ્યા છે. અને સર્વથા રાગ વગરનું જ કબૂલે તો તે જ્ઞાન પણ મિથ્યા છે; કેમકે રાગપરિણામ પણ સાધકને વર્તે છે, તે રાગપરિણામને સ્વજ્ઞેય તરીકે ન જાણે તો રાગપરિણામમાં વર્તનારા દ્રવ્યને પણ ન માન્યું.

રાગપરિણામ પણ દ્રવ્યના ત્રણકાળના પરિણામની પદ્ધત્તિમાં (પરંપરામાં) આવી જાય છે, રાગપરિણામ કાંઈ દ્રવ્યના પરિણામની પરંપરાથી જુદા નથી. ત્રણેકાળના પરિણામોની પરંપરામાં વર્તીને જ દ્રવ્ય ટકી રહ્યું છે.

નિગોદ કે સિદ્ધ કોઈ પણ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે, ને તે પરિણામમાં દ્રવ્ય વર્તી રહ્યું છે, પરિણામની જે ઢબ છે—જે ક્રમ છે, જે પરંપરા છે—જે સ્વભાવ છે—તેમાં દ્રવ્ય અવસ્થિત છે. તે દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામસ્વભાવને અતિક્રમતું નથી. અહીં 'સ્વભાવ' કહેતાં શુદ્ધપરિણામ જ ન સમજવા પણ વિકારી કે અવિકારી બધાય પરિણામો તે દ્રવ્યનો સ્વભાવ છે, ને તે સ્વજ્ઞેયમા આવી જાય છે. અને જે આવું જાણે તેને શુદ્ધપરિણામની ઉત્પત્તિ થવા માંડે છે. સ્વજ્ઞેયમાં પરજ્ઞેય નહિ ને પરજ્ઞેયમાં સ્વજ્ઞેય નહિ—આમ જાણવું તેમાં જ વીતરાગીશ્રદ્ધા આવી જાય છે. કેમકે મારું સ્વજ્ઞેય પરજ્ઞેયોથી જુદું છે એમ નક્કી કરતા કોઈ પણ પરજ્ઞેયના અવલંબનનો અભિપ્રાય ન રહ્યો એટલે સ્વદ્રવ્યના અવલંબને સમ્યક્શ્રદ્ધા થઈ. આખું દ્રવ્ય તે પરિણામી ને તેનો એક અંશ તે પરિણામ; તેમાં આખા પરિણામીની અંતરદૃષ્ટિ વગર પરિણામનું સાચું જ્ઞાન થાય નહીં. પરિણામોની પરંપરાને દ્રવ્ય છોડતું નથી પણ તે પરંપરામાં જ વર્તે છે,—એટલે લક્ષનું જોર ક્યાં ગયું?—દ્રવ્ય ઉપર. એ રીતે આમાંય દ્રવ્યદૃષ્ટિ જ આવી જાય છે.

દ્રવ્ય તો ઘણી શક્તિનો ત્રિકાળી પિંડ છે. ને પરિણામ તો એક સમય પૂરતો અંશ છે,—એમ જાણ્યું ત્યાં શ્રદ્ધાનું જોર ઘણી શક્તિના પિંડ તરફ વળી ગયું એટલે દ્રવ્યની પ્રતીત થઈ અને દ્રવ્ય-પર્યાય બંનેનું યથાર્થ જ્ઞાન થયું.

દરેક વસ્તુ પોતાના પરિણામસ્વભાવમાં વર્તી રહી છે, તે પરિણામનાં ત્રણ લક્ષણ (-ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક) છે, તેથી તે પરિણામમાં વર્તતી વસ્તુમાં પણ એ ત્રણ લક્ષણ આવી જ જાય છે, કેમકે વસ્તુનું હોવાપણું પરિણામસ્વભાવથી જુદું નથી. વસ્તુ 'છે' એમ કહેતાં જ તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવી જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ વગર 'વસ્તુ છે' એમ સિદ્ધ ન થાય. પરિણામ 'છે' એમ કહેતાં તે પરિણામ પણ

ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. 'હોવાપણું (સત્)' ઉત્પાદ-વ્યય ધ્રુવ વગર હોતું નથી. માટે સત્ત્વને ત્રિલક્ષણ અનુમોદવું.

પહેલાં યથાર્થ શ્રવણ કરીને વસ્તુને બરાબર જાણે કે 'આ આમ જ છે', તો જ્ઞાન નિઃશંક થાય ને જ્ઞાન નિઃશંક થાય તો જ અંતરમાં તેનું ઘોલન કરીને નિર્વિકલ્પ અનુભવ કરે. પણ જ્યાં જ્ઞાન જ ખોટું હોય એમ 'આમ હશે કે તેમ' એમ શંકામાં ઝૂલતું હોય ત્યાં અંતરમાં ઘોલન ક્યાંથી ચાલે? નિઃશંક જ્ઞાન વગરનું ઘોલન પણ ખોટું હોય એટલે કે મિથ્યાજ્ઞાન ને મિથ્યાશ્રદ્ધા હોય. પહેલાં શું વસ્તુસ્થિતિ છે તે બરાબર ખ્યાલમાં લેવી જોઈએ. વસ્તુને બરાબર ખ્યાલમાં લીધા વિના ઘોલન કોનું કરશે?

પરિણામને વસ્તુ ઓળંગતી નથી. કેમકે પરિણામ સત્ છે. વસ્તુ જો પરિણામને ઓળંગે તો તો 'સત્'ને જ ઓળંગે, એટલે વસ્તુ 'છે' એમ સાબિત ન થાય. ત્રણેકાળના પરિણામના પ્રવાહમાં વસ્તુ વર્તે છે.

અહો, આ તો આખો જ્ઞેયનો પિંડ પ્રતીતમાં લેવાનો માર્ગ કહો કે આખા જ્ઞાયકપિંડની દૃષ્ટિ કહો, સમ્યક્ નિયતવાદ કહો કે યથાર્થ મોક્ષમાર્ગનો પુરુષાર્થ કહો, વીતરાગતા કહો કે ધર્મ કહો,—તે બધું આમાં આવી જાય છે.

શ્રી આચાર્યદેવ કહે છે કે વસ્તુનો સ્વભાવ જ આ (ઉપર કહ્યો તેવો) છે, આવો વસ્તુસ્વભાવ આનંદપૂર્વક માનવો-સંમત કરવો. જે આવા વસ્તુસ્વભાવને જાણે તેને અપૂર્વ આનંદ પ્રગટ્યા વગર રહે નહિ. જ્યાં વસ્તુને ત્રિલક્ષણ જાણી ત્યાં વસ્તુ પોતે સમ્યક્સ્વભાવમાં ઢળ્યા વગર રહે નહિ.—વસ્તુ સમ્યક્ભાવપણે પરિણમે એટલે અપૂર્વ આનંદનો અનુભવ થાય જ. માટે અહીં કહ્યું કે આવા વસ્તુસ્વભાવને આનંદથી માન્ય કરવો.

જુઓ, તે તે પરિણામને વસ્તુ ઓળંગતી નથી, એટલે દૃષ્ટિ ક્યાં ગઈ? વસ્તુ ઉપર દૃષ્ટિ ગઈ. પરિણામ-પરિણામીની એકતા થઈ, એટલે આખું સત એકાકાર થઈ ગયું,—આખું સ્વજ્ઞેય અભેદ થઈ ગયું. આવા સ્વજ્ઞેયને જાણે અને માને ત્યાં વસ્તુસ્વભાવની સમ્યક્પ્રતીતિ અને અપૂર્વ આનંદનો અનુભવ થયા વિના રહે નહીં.

જેમ કેવળજ્ઞાન લોકાલોક-જ્ઞેયને સતપણે જાણે છે તેમ સમ્યગ્દૃષ્ટિ પણ તેને જ્ઞેય તરીકે કબૂલે છે, ને તેને જાણનારા પોતાના જ્ઞાનસ્વભાવને પણ તે સ્વજ્ઞેય તરીકે કબૂલે છે. ત્યાં તેની રુચિ સ્વભાવવાન એવા અંતર્-દ્રવ્ય તરફ વળે છે, તે રુચિના

જોરે નિર્વિકલ્પતા થયા વિના રહે નહિ. નિર્વિકલ્પતામાં આનંદનો અનુભવ પણ ભેગો જ હોય.

શ્રોતાઃ—કેટલાક કાળમાં કેટલા જીવ મોક્ષે જાય? એવી કાંઈ વાત આમાં આવતી નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—આટલા કાળમાં આટલા જીવ મોક્ષે જાય—એવી ગણતરીની અહીં મુખ્યતા નથી, પણ કેમ મોક્ષ થાય? તેની મુખ્ય વાત છે. પોતે આવા યથાર્થ સ્વભાવને ઓળખે તો પોતાને સમ્યક્ત્વ ને વીતરાગતા થાય અને પોતાનો મોક્ષ થાય. આત્માનો મોક્ષ ક્યારે થાય—એમ કાળની મુખ્યતા નથી, પણ આત્માનો મોક્ષ કઈ રીતે થાય તે જ મુખ્ય પ્રયોજન છે, ને તેની જ આ વાત ચાલે છે.

જે રીતે સત્ છે તે રીતે કબૂલે તો જ્ઞાન સત્ થાય ને શાંતિ આવે. આ ગાથામાં બે સમ-અંક છે ૯૯ અને તે પણ બે નવડા. નવ પ્રકારના ક્ષાયિકભાવ છે માટે નવડો તે ક્ષાયિકભાવસૂચક છે ને બે નવડા ભેગા થયા એટલે સમભાવ-વીતરાગતા બતાવે છે, ક્ષાયિકસમ્યક્ત્વ ને ક્ષાયિકચારિત્ર બંને સાથે આવી જાય તેવી અપૂર્વ વાત છે. આંકડો તો જે છે તે છે, પણ અહીંથી પોતાના ભાવનો આરોપ કરવો છે ને!

વર્તમાન-વર્તમાન વર્તતા પરિણામમાં વસ્તુ વર્તી રહી છે, એટલે આખી વસ્તુ જ વર્તમાનમાં વર્તે છે. તે વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી છે. અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને સતને સાબિત કરે છે.

આત્મા સત્, જડ સત્, એક દ્રવ્યના અનંતગુણો સત્, ત્રણકાળના સ્વઅવસરમાં થતા પરિણામો સત્, એકેક સમયના પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક સત્! બસ, આ સતમાં કાંઈ ફેરફાર થાય નહિ.—આમ સ્વીકાર્યું ત્યાં 'મિથ્યાત્વને ફેરવીને સમ્યક્ત્વ કરું' એ વાત ન રહી. કેમકે જેણે એમ સ્વીકાર્યું તેણે પોતાના જ્ઞાયકભાવને જ સ્વીકાર્યો ને તે દ્રવ્યસ્વભાવ તરફ વળ્યો. ત્યાં વર્તમાન પરિણામમાં સમ્યક્ત્વનો ઉત્પાદ થયો ને તે પરિણામમાં પૂર્વના મિથ્યાત્વ-પરિણામનો તો અભાવ જ છે. પૂર્વના તીવ્ર પાપના પરિણામ વર્તમાન પરિણામમાં નડતા નથી કેમકે વર્તમાનમાં તેનો અભાવ છે. 'પૂર્વના તીવ્ર પાપના પરિણામ અત્યારે નડશે' એમ જેણે માન્યું, તેને તે વર્તમાન ઊંધી માન્યતાવડે છે, પણ પૂર્વના પાપ તો તેને પણ નડતાં નથી. 'પૂર્વના તીવ્ર પાપના પરિણામ અત્યારે નડશે' એમ જેણે માન્યું તેણે દ્રવ્યને ત્રિલક્ષણ નથી જાણ્યું. જો ત્રિલક્ષણ-દ્રવ્યને જાણે તો તે ત્રિલક્ષણ દ્રવ્યના વર્તમાન ઉત્પાદ-પરિણામમાં પૂર્વ પરિણામનો વ્યય છે, માટે 'પૂર્વ પરિણામ નડે છે' એમ તે ન માને, પણ

સમયસમયના વર્તમાન પરિણામને સ્વતંત્ર સત્ જાણે, અને તેની દૃષ્ટિ તે પરિણામ જેના છે એવા દ્રવ્ય ઉપર જાય,—એટલે દ્રવ્યદૃષ્ટિમાં તેને વીતરાગતાનો જ ઉત્પાદ થતો જાય.—આ રીતે આમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

વીતરાગતા કે રાગ, જ્ઞાન કે અજ્ઞાન, સિદ્ધ કે નિગોદ કોઈ પણ એક સમયના પરિણામને જો કાઢી નાખો તો દ્રવ્યનું સત્પણું જ સિદ્ધ થતું નથી, કેમકે તે તે સમયના પરિણામમાં દ્રવ્ય વર્તી રહ્યું છે. માટે પોતાના ક્રમબદ્ધપરિણામોના પ્રવાહમાં વર્તમાન વર્તી રહેલા દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ આનંદથી માનવું.

સ્વભાવમાં અવસ્થિત રહેલું દ્રવ્ય સત્ છે—એ વાત સિદ્ધ કરવા માટે પહેલાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ કહીને સ્વભાવ સિદ્ધ કર્યો, ને તે સ્વભાવમાં દ્રવ્ય નિત્ય-અવસ્થિત છે—એમ હવે સિદ્ધ કર્યું.

પહેલાં પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરવા માટે પ્રદેશોનો દાખલો હતો તે પરિણામની વાત પૂરી થઈ ને હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ મોતીના હારનો દાખલો આપીને સમજાવશે.

[ ક્રમશઃ ]

---

* આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી, રાગને પણ સ્પર્શતો નથી પણ અહીં અલિંગગ્રહણના ૧૯મા બોલમાં તો કહે છે કે આત્મદ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયને પણ સ્પર્શ કરતો નથી. નિર્મળ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યસામાન્ય છે તે વિશેષરૂપ પર્યાયમાં આવતું નથી, સ્પર્શતું નથી. દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયને કરતી નથી, પર્યાયને અડતી નથી અને પર્યાય છે તે દ્રવ્યમાં નથી, દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાયનું લક્ષ કરવા જતાં રાગ ઉત્પન્ન થશે ને દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થશે, અતીન્દ્રિય આનંદ અનુભવાશે. ભાઈ ! તારી નિર્મળ પર્યાય થાય તેને પણ દ્રવ્ય અડતું નથી. આહાહા ! દ્રવ્ય ને પર્યાય બન્નેની આવી સ્વતંત્રતા બતાવે છે. પર્યાય ક્ષણિક છે તે ધ્રુવ દ્રવ્યને અડતી નથી. આહાહા ! અલૌકિક વાતો છે. દ્રવ્ય છે તે પર્યાયને દ્રવે છે-ઉત્પન્ન કરે છે એ પણ અપેક્ષાથી કથન છે, બીજા દ્રવ્યથી પર્યાય થતી નથી તેમ બતાવવા કહ્યું છે. પણ અહીં તો અધ્યાત્મની એકદમ સૂક્ષ્મ વાત કહે છે કે દ્રવ્ય છે તે પર્યાયનો દાતા નથી. ધ્રુવ અસ્તિત્વ ને ક્ષણિક અસ્તિત્વ બેને ભિન્ન બતાવે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# અસિધારા સમાન, તીક્ષ્ણ ઉપદેશ અને તીક્ષ્ણ પ્રહાર

[ શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ૮૮મા ગાથા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે.

પુરુષાર્થ અર્થક્રિયાકારી છે એટલે કે પુરુષાર્થ સર્વદુઃખથી મુક્ત થવાના જીવના પ્રયોજનને સિદ્ધ કરનારો છે. પુરુષાર્થથી સર્વ દુઃખની મુક્તિ થાય છે અને તે પણ अचिरेन कालेन અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત કરાવે છે. તો પ્રશ્ન ઉઠે કે 'આમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું ?'

ભાઈ ! આ બધું ક્રમબદ્ધમાં જ છે. ક્રમબદ્ધનો પુરુષાર્થ એ જ અકર્તાપણાનો અને જ્ઞાતાપણાનો પુરુષાર્થ છે અને એ જ સર્વદુઃખથી મુક્ત થવાનો પુરુષાર્થ છે.

जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं ।
सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण ॥ ८८ ॥

જે પામી જિન-ઉપદેશ, હણતો રાગ-દ્વેષ-વિમોહને,
તે જીવ પામે અલ્પકાળે, સર્વ દુઃખ વિમોક્ષને. ૮૮.

અર્થ:—જે જિનના ઉપદેશને પામીને મોહ-રાગ-દ્વેષને હણે છે, તે જીવ અલ્પકાળમાં સર્વદુઃખથી મુક્ત થાય છે.

જુઓ ! અલ્પકાળમાં મુક્તિને પામશે પણ ક્રમબદ્ધમાં પામશે એમ ન કહ્યું, પણ તેનો અર્થ જ એ થયો કે પોતાના ક્રમમાં જેણે પુરુષાર્થ કર્યો—સ્વભાવ તરફ ઢળ્યો તેને અલ્પકાળમાં જ કેવળજ્ઞાન થશે એવો ક્રમ છે, તેને લાંબો કાળ નહિ લાગે એમ કહેવું છે. પુરુષાર્થ અને મુક્તિ—બધું ક્રમબદ્ધમાં જ છે.

મોક્ષ એટલે મુકાવું. સર્વ દુઃખથી મુકાવું તેનું નામ મોક્ષ છે. ભગવાન આત્મા રાગ અને પર્યાયનો પણ કર્તા નથી એવો જે પુરુષાર્થ તે સર્વદુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. જે પૂર્ણઆનંદનું દળ છે એવા સ્વભાવ ઉપર જ્યારે દૃષ્ટિ જાય છે ત્યારે જ ક્રમબદ્ધ થતી દશાનો સાચો નિર્ણય અને સાચો પુરુષાર્થ થાય છે.

ક્રમબદ્ધનો જે નિર્ણય કરવા જાય છે તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે તેથી જ અમૃતચંદ્રાચાર્યે ૩૦૮ ગાથાના મથાળામાં કહ્યું છે કે ક્રમબદ્ધ દ્વારા અમે અકર્તાપણાને

જાહેર કરીએ છીએ એટલે કે તેમાં 'જ્ઞાતા' જાહેર થાય છે, વસ્તુના ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરવાની પ્રસિદ્ધિ થાય છે.

શાસ્ત્રના ગમે તે પાઠનો સરવાળો વીતરાગતામાં જ આવે છે. સર્વશાસ્ત્રોનું તાત્પર્ય 'વીતરાગતા' છે. તે વીતરાગતા ક્યારે થાય? કે પોતે વીતરાગમૂર્તિ તત્ત્વ છે તેની સન્મુખ થાય ત્યારે વીતરાગદશા થાય. આવો સ્વસન્મુખતાનો પુરુષાર્થ કરનારનો મોક્ષ અલ્પકાળમાં જ થાય એવો જ એનો ક્રમ હોય. લાંબો કાળ ન હોય. કારણ કે આત્મા સ્વભાવથી મુક્તસ્વરૂપ છે અને પર્યાયમાં સ્વભાવ તરફ વલણ થયું છે માટે તેને અલ્પકાળમાં જ કેવળજ્ઞાન થાય. એવો ક્રમ હોય. સર્વજ્ઞદશા અર્થાત્ મુક્તિ તેના ક્રમમાં આવશે પણ એ ક્રમ અલ્પકાળમાં જ આવશે.

ટીકાઃ—આ અતિ દીર્ઘ સંસાર...જેની કોઈ આદિ નથી એવો અનાદિનો સંસાર ચાલ્યો આવે છે—અનાદિકાળથી જીવ સંસારમાં રઝળી રહ્યો છે. નજર નાંખ્યે ક્યાંય તેની આદિ દેખાતી નથી. મિથ્યાભ્રમમાં જીવ અનાદિકાળથી દુઃખી થઈ રહ્યો છે.

સંસારમાર્ગ કેવો છે!—સદા ઉત્પાતમય છે. રાગ મારો છે અને રાગથી મને લાભ થાય છે એટલે કે વિભાવથી સ્વભાવને લાભ થાય છે એવો જે મિથ્યાત્વભાવ છે તે અતિ દીર્ઘકાળથી ચાલ્યો આવે છે અને સદા ઉત્પાતમય છે. સંસારમાં એકલી આકુળતા...આકુળતા...આકુળતા જ છે.

જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે કે એકેન્દ્રિયથી વિકેલેન્દ્રિય થવું દુર્લભ છે, તેના કરતાં પંચેન્દ્રિય થવું દુર્લભ છે, તેમાં પણ મનુષ્યપણું, આર્યપણું, જૈનકુળ અને જૈનનો ઉપદેશ મળવો ઘણો દુર્લભ છે. જુઓ! પાંચ-પચીશ કરોડ પૈસા મળવા તેને દુર્લભ કહ્યા નથી પણ 'બોધિ'ને દુર્લભ કહી છે. અશક્ય તો નથી પણ દુર્લભ છે.

અહા...અનંત અનંતકાળમાં નજરૂં નાખ્યે જેની આદિ ક્યાંય દેખાતી નથી એવો સંસાર અતિ દીર્ઘ છે. અર્થાત્ ભવ પહેલાં ભવ, તેની પહેલાં ભવ...ભવ...ભવ જ છે તેની કોઈ શરૂઆત નથી અને વળી મિથ્યાત્વના કારણે સદા ઉત્પાતમય છે. એવા સંસારમાં કોઈ પણ પ્રકારે સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવનો ઉપદેશ અથવા તેમના શાસ્ત્રો જીવના મોહને મારવા તીક્ષ્ણ અસિધારા જેવા છે—તલવારની ધાર જેવો ભગવાનનો ઉપદેશ છે.

વિકારને હણી નાંખે અને સ્વભાવની પ્રાપ્તિ કરાવે એવો ભગવાનનો ઉપદેશ

છે. માટે તેને અસિ એટલે તલવારની તીક્ષ્ણ ધાર જેવો તીખો કહ્યો. વીતરાગતાથી ભરેલા ભગવાનનો આશ્રય લેવા માટેનો એ ઉપદેશ અતિ સૂક્ષ્મ અને તીખો છે. આવો ઉપદેશ મળવો અતિ દુર્લભ છે. ઘણી દુર્લભ પરંપરાથી એ પ્રાપ્ત થાય છે. અનંત અનંતકાળમાં મનુષ્યના અનંતભવ કર્યા, નારકીના અનંતભવ કર્યાં, તિર્યંચના અનંતભવ કર્યા અને દેવના ભવ અનંત કર્યા. તેમાં જિનનો ઉપદેશ પ્રાપ્ત થાય એવી દશા તો ખાસ કરીને મનુષ્યપણામાં જ છે, તે પણ આર્યકુળમાં જન્મ, ઇન્દ્રિયાદિની પૂર્ણતા વગેરે હોય અને જિનનો ઉપદેશ મળે તે મહાભાગ્ય છે. તેમાં તો રાગદ્વેષ અને મિથ્યાત્વને હણવાની જ વાણી આવે. એટલે કે સમકિત અને વીતરાગતાને પામવાનો જ ઉપદેશ આવે છે.

સમકિત અને વીતરાગતા પામવા માટે ભગવાને શું ઉપાય બતાવ્યો છે!—કે પોતાના દ્રવ્યનો આશ્રય લેવો તે જ સમકિત અને વીતરાગતાનો ઉપાય છે એમ ભગવાને ફરમાવ્યું છે. આવો ઉપદેશ પામીને પણ જે પાત્ર જીવ મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢ પ્રહાર કરે છે એટલે કે ઉગ્રપણે સ્વભાવમાં જાય છે તે જ ક્ષિપ્રમેવ--જલદી જ સમસ્ત દુ:ખથી પરિમુક્ત થાય છે. પ્રથમ તો સમ્યગ્દર્શન પ્રાપ્તિની જ દુર્લભતા છે અને ચારિત્ર તો મહાદુર્લભ છે. અણુવ્રત કે મહાવ્રત એ કોઈ ચારિત્ર નથી, આનંદમાં રમવું તે ચારિત્ર છે.

મોક્ષ એટલે સર્વદુ:ખથી મુકાવું એવી પરિભાષા અહીં લીધી છે તેથી દુ:ખના કારણ એવા મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દૃઢ પ્રહારથી વાત ઉપાડી છે. મૂળ તો સ્વભાવ તરફના ઉગ્ર પુરુષાર્થથી મોહ-રાગ-દ્વેષ હણાય જાય છે.

જેમ જંગલમાં ચાલ્યો જતો હોય અને રસ્તામાં એક એક રતનની કિંમત કરોડ રૂપિયા હોય એવા રત્નોથી ભરેલો ચરુ મળી જાય તો કેટલો આનંદ થાય! પણ એ તો જડ છે. આત્મામાં તો અનંત ચૈતન્યરત્નો ભરેલા છે જેની કિંમત તો આંકી શકાય તેમ નથી એવા ચૈતન્યચરુની મહિમા શું કહેવી? સમ્યક્ત્વ પામતા મિથ્યાત્વ હણાય જાય છે અને ચૈતન્યચરું હાથ આવી જાય છે. સ્વભાવના ઉગ્ર પુરુષાર્થથી અંતરમાં જાય છે તેના મોહ, રાગ અને દ્વેષ હણાયા વગર રહેતા નથી. માટે સમ્યક્ત્વ જ ઉપાય છે.

ભગવાનના ઉપદેશને હળવો ન કહ્યો પણ અતિ તીક્ષ્ણ અસિધારા જેવો કહ્યો છે કેમકે એ ઉપદેશ જ એવો છે. સ્વભાવસન્મુખ થા, વીતરાગતા પ્રગટ કર ત્યાં દુ:ખની મુક્તિ છે. આચાર્યદેવે ભાષા કેવી વાપરી છે! ઉપદેશને અસિધારા જેવો કહ્યો અને મોહ, રાગ, દ્વેષ ઉપર તેનો અતિ દૃઢપણે પ્રહાર કરવાનું કહ્યું કે જેથી તે ફરીને

ઊભા જ ન થાય. ચૈતન્ય ઉપર જોરદાર દૃષ્ટિ એટલે કે ચારે બાજુથી દૃષ્ટિને ફેરવીને એક સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં મિથ્યાત્વ ઉપર અતિ દૃઢ પ્રહાર થાય છે.

આ રીતે જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ કરે છે અને સમકિત અને વીતરાગતાને ઉત્પન્ન કરે છે તે જીવ જ શીઘ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે. આ अचिरेण कालेणનો અર્થ છે. તે જીવ તરત જ જલ્દી જ મુક્ત થાય છે.

આમાં ક્રમબદ્ધ કેમ બેસે?—ભાઈ! દ્રવ્યસ્વભાવ ઉપર દૃઢપણે જવું અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો દૃઢપણે નાશ કરવો એ જ ક્રમબદ્ધનું તાત્પર્ય છે—પરિણામ છે. તે જીવ જ મોક્ષના પ્રયોજન અર્થે—આનંદના પ્રયોજન અર્થે કાર્યકારી એવા પુરુષાર્થને કરે છે. અંતરસ્વભાવમાં પુરુષાર્થની ગતિ કરવી તે મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. તેને સ્વભાવના આશ્રયે અલ્પકાળમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો કાળ છે. તેના ક્રમબદ્ધમાં એક બે ભવમાં જ કેવળજ્ઞાન થવાનું છે. સ્વભાવ તરફ પુરુષાર્થ કર્યો માટે જલ્દી મુક્ત થશે, નહીંતર લાંબો કાળ લાગી જાત—એમ નથી.

પ્રવચનસારમાં અકાળનય લીધી છે ને! તો કાળ પાકયા વિના મોક્ષ થઈ જતો હશે! ના ભાઈ! એમ નથી. પાંચ સમવાયમાં કાળ ઉપરાંત બીજા ચાર સમવાયને ભેળવીને કથન કર્યું છે માટે અકાળે મોક્ષ કહ્યો. પણ તેમાં મોક્ષનો કાળ ફરી જતો નથી. મોક્ષનો જે સમય છે તે સમયે જ મોક્ષ થાય છે. સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્ય અને કર્મરૂપ નિમિત્તનો અભાવ એ ચારેય સમવાય સાથે છે તેની અપેક્ષાએ 'અકાળ' કહ્યો છે.

અહીં પણ 'अचिरेण कालेन' કહીને ક્રમબદ્ધનો નિષેધ કર્યો નથી. સ્વભાવ તરફનો પુરુષાર્થ બતાવ્યો છે. અહીં વ્યયથી વાત ઉપાડીને કહ્યું છે કે મોહ-રાગ-દ્વેષ ઉપર પ્રહાર કરે છે તે જલ્દી જ પરિમુક્ત થાય છે એટલે કે જેણે સ્વભાવ તરફનો જોરદાર પુરુષાર્થ ઉપાડ્યો છે તે અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈને મુક્તિને પામશે. આમાં ક્રમબદ્ધ છૂટી જતું નથી. 'આનંદના નાથનો આશ્રય' કહો કે ક્રમબદ્ધની અપેક્ષાએ કહો તો જેને 'અકર્તાપણું પ્રગટ થયું' તે શીઘ્ર મુક્તિને પ્રાપ્ત થાય છે.

જૈનદર્શનનું અકર્તાપણું કયાં સુધી જાય છે!—કે પરનું કર્તાપણું તો નથી, રાગનું કર્તાપણું તો નથી પણ જે પર્યાય થાય છે તેને કરું એ પણ જ્યાં નથી એવું અકર્તાપણું છે. જૈનનું અકર્તાવાદીપણું અહીં સુધી જાય છે.

અરે! આ સમજવાની કોને દરકાર છે! દેહ છૂટીને ચાલ્યો જઈશ બાપા! નાની ઉંમર હોય કોઈ રોગ ન હોય પણ રસ્તામાં અકસ્માતથી પણ માણસ મરી જાય

છે. કાલે જ એક ભાઈનો રેલ અકસ્માત સાંભળ્યો હતો. અરે! આવા અકસ્માતકાળે દેહ છોડીને અજાણ્યા દ્રવ્ય, અજાણ્યા, ક્ષેત્ર અજાણ્યા ભવમાં અને અજાણ્યા ભવમાં અને અજાણ્યા ભાવમાં જઈને ઉપજશે જ્યાં કોઈ જીવો જાણીતા નથી. ક્ષેત્ર જાણીતું નથી, જાણીતો કાળ નથી એવામાં જઈને પડશે.

મુમુક્ષુઃ—જ્યાં જાય ત્યાં મોહ સાથે જ છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—એ મોહથી જ બધાંને પોતાના માની લે છે. એક દૃષ્ટાંત આવે છે એક રાજાને મુનિએ કહ્યું કે તમે મરીને કૂતરીના પેટે જવાના છો. હેં! હું ગલુડીયું થવાનો છું!...માણસને કહે છે તું ત્યાં આવીને મને મારી નાંખજે. પછી જ્યાં એ કૂતરીના બચ્ચાને માણસ મારવા જાય છે ત્યાં તો બચ્ચું ભાગે છે. કેમકે એ પર્યાયમાં 'હું પણું' માનીને બેસી ગયો છે. અરે! આવી દશા છે. કૂતરીને બચ્ચાને જન્મ આપ્યા પછી ભૂખ ખૂબ હોય એટલે ઘણીવાર તો કૂતરી જ બચ્ચાને ખાઈ જાય. સર્પિણી તો બચ્ચાંને ખાય જ છે. આવા તિર્યંચના અવતાર છે. જેને આ ધર્મના સંસ્કાર પાંચ-દશ વર્ષ પડયાં હોય તે મરીને મનુષ્ય થાય અને વિશેષ સંસ્કાર હોય તે દેવ થાય. બાકી તો કષાયના આડા પરિણામ કરનારા બધાં તિર્યંચમાં જ જાય છે.

અહીં કહે છે દુર્લભ પરંપરાથી તને મનુષ્યપણું અને જિનનો તીખો ઉપદેશ પ્રાપ્ત થયો છે તો તું હવે તો તીક્ષ્ણ પુરુષાર્થથી મોહ ઉપર દૃઢ પ્રહાર કર...ભગવાન તરફ જા અને ભ્રમણાનો નાશ કર! અહીં તો મોહને મૂળમાંથી નાશ કરવાની જ વાત છે. મોહ દબાય એ ફરીને ઊભો થાય એવા મોળા પુરુષાર્થની વાત નથી. દિગંબર સંતોની વાણીમાં કયાંય મોળાપણું નથી.

આગળ ગાથામાં આવ્યું હતું કે અમે કમર બાંધીને બેઠા છીએ. પ્રમાદ છે એ તો ચોર છે—જીવને લૂંટનારો છે તેનો નાશ કરવા માટે અમે કમર કસી છે. મહાવ્રતાદિના શુભરાગમાં પણ અમારી શાંતિ લૂંટાય છે માટે અમારે સાવધાન રહેવું પડશે. સ્વભાવ સન્મુખની દશામાં સાવધાન રહેશું જેથી ચોર લૂંટી નહિ શકે.

જુઓ! આમાં પણ પુરુષાર્થ આવ્યો ને! આ ગાથામાં પણ મોક્ષ માટે અર્થક્રિયાકારી એવા પુરુષાર્થની જ વાત છે કેમકે ક્રમબદ્ધની સ્થિતિમાં એવો પુરુષાર્થ આવે જ છે. તેથી કાંઈ કોઈ પર્યાય આગળ-પાછળ થઈ જતી નથી. આજે થવાની હતી તે પર્યાય ૨૫ વર્ષ પછી થશે અને ત્યારે થવાની હતી તે પર્યાય આજે થઈ એમ બની શકે! શકય જ નથી. પર્યાય પોતાના સ્વકાળે થાય જ. તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી.

આગળ ૧૦૨ ગાથામાં જન્મક્ષણની વાત આવશે. વસ્તુની જે જન્મક્ષણ છે તેમાં ફેરફાર થઈ જ ન શકે. જે વસ્તુ સત્ છે તેને કોઈની અપેક્ષા ન હોય. અપેક્ષાવાળી હોય તેને સત્ ન કહેવાય. મિથ્યાત્વના ઉત્પાદને દર્શનમોહકર્મના ઉદયની અપેક્ષા નથી અને સમ્યક્ત્વને દર્શનમોહના અભાવની અપેક્ષા નથી. વસ્તુ પોતાના ગુણોથી ઠસોઠસ ભરેલી છે તેમાં વિકલ્પનો તો પ્રવેશ નથી પણ પર્યાય પણ તેમાં ઉપર તરે છે—અંદર પ્રવેશ પામતી નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે.

સત્‌ની શક્તિને મર્યાદા શી હોય! ક્ષેત્ર ભલે નાનું હો પણ જેનો જે સ્વભાવ હોય—જેનું જે સત્વ હોય, તેને મર્યાદા ન હોય આ વાત સમયસારના પહેલાં કળશમાં આવી ગઈ છે.

પ્રભુ! મારગડા જુદા છે ભાઈ! વીતરાગ પરમેશ્વરના ઉપદેશની રીત અને વિધિ કોઈ અલૌકિક છે. તેને ઘણી દુર્લભતાએ તું પામ્યો છો તો હવે સ્વભાવમાં દ્રઢપણે જા અને સ્થિર થા અને મોહ-રાગ-દ્વેષ ઉપર દ્રઢપણે પ્રહાર કરીને તેનો મૂળમાંથી નાશ કર.

જુઓ! જે વસ્તુમાં પ્રવેશ પામતી નથી એવી પર્યાયમાં પણ પુરુષાર્થ આવો જોરદાર હોય છે. સ્વભાવ-સન્મુખ ઢળતી પર્યાયને આગળ ૯૦મી ગાથામાં પ્રવણ બુદ્ધિ કહી છે. પ્રવણ એટલે ઢળતી. અમૃતચંદ્રાચાર્યની ટીકા ગજબ છે! ભરતક્ષેત્રમાં એની બીજી જોડ નથી. બહું ઝીણી વાત કરી છે. ભગવાનનો ઉપદેશ તો તીક્ષ્ણ છે પણ તું પુરુષાર્થ પણ એવો તીખો કર કે મોહનો મૂળમાંથી નાશ થાય. ભગવાનનો ઉપદેશ તો મહાભાગ્યે મળ્યો પણ તું પુરુષાર્થ નહિ કર તો મોહનો નાશ થવાનો નથી. મોહ ઉપર અંત દ્રઢ પ્રહાર કરવાનો અને સ્વભાવ તરફ ઢળવાનો પુરુષાર્થ તો તારે જ કરવો પડશે.

જેમાં મોહ નથી એવા સ્વભાવમાં ઢળી જા—વળી જા- એ જ દુઃખથી મુક્તિનો અને સુખપ્રાપ્તિનો પુરુષાર્થ છે.

જીવે અનાદિકાળથી નિગોદાદિ અને મિથ્યાત્વાદિના એવા આકરાં દુઃખો ભોગવ્યા છે છતાં તેના દ્રવ્ય અને ગુણ તો એવા ને એવા અખંડપણે પૂરા ભરેલા છે, તેને આંચ આવી નથી, ઘસારો લાગ્યો નથી. સંસારચક્રમાં અનેક અનેક પર્યાયો થઈ પણ દ્રવ્ય, ગુણમાં ઘસારો લાગ્યો નથી, વિકૃતિ આવી નથી કે અપૂર્ણતા થઈ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે તેમાં આવરણ, ઉણપ કે અશુદ્ધિ આવતી નથી.

આવો ઉપદેશ સાંભળીને જીવોને એમ થાય છે કે આમાં કરવાનું કાંઈ આવતું

નથી. પણ ભાઈ! તારું વલણ પર તરફ છે તેને ફેરવીને સ્વ તરફ લાવવું એ કરવાનું નથી? પુરુષાર્થ વિના વલણ ફરતું નથી. એટલે તો અહીં કમર બાંધીને પુરુષાર્થ કરવાની વાત કરી છે. મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એટલે હવે મારું વીર્ય સ્વભાવ તરફ જ ઢળી જાય છે—દ્રવ્યની અભિમુખ મારું વીર્ય જાય છે. જોરદાર પુરુષાર્થ ઉપડયો છે.

અરે! આવો મનુષ્યભવ ચાલ્યો જાય છે, ડાકટર દર્દીને જોવા ગયો હતો ત્યાં પોતાને એટેક આવ્યો—દર્દીની પથારીમાં પોતે સૂતો—હું હવે બચવાનો નથી—ખલાસ થઈ ગયો. એક સમય પહેલાં આત્માના પ્રદેશો અહીં હતા તે બીજી ક્ષણે ચાલ્યા ગયા. કર્મ તેને લઈ જતાં નથી. જીવ પોતાની યોગ્યતાથી જ એક ભવમાંથી બીજાં ભવમાં ચાલ્યો જાય છે. કર્મ તેને ખેંચીને લઈ જતાં નથી.

'યોગ્યતા' એ કોઈ અલૌકિક વાત છે. તે પરથી નથી અને પરના કારણે નથી. પુરુષાર્થ કરનાર જીવનો મોક્ષ શીઘ્ર જ છે. અલ્પકાળમાં જ તે સર્વદુ:ખથી મુક્તિને પ્રાપ્ત કરવાનો છે કેમકે તેણે શક્તિની પ્રતીતિ અને તેમાં સ્થિરતાનું જોર કર્યું છે તેથી જે શક્તિમાં છે તે બહાર આવ્યા વગર રહેવાનું નથી. હું અનંત શક્તિમય—આવડો મોટો હું એવી પ્રતીતિ કરી છે અને તેમાં સ્થિરતાનું જોર કર્યું છે તેને શક્તિની વ્યક્તિ અલ્પકાળમાં જ થશે.

શબ્દો કેવા વાપર્યા છે! ક્ષિપ્રમેવ સમસ્ત દુ:ખથી પરિમુક્ત થાય છે. પરિમુક્ત એટલે સમસ્તપ્રકારે મુક્ત થાય છે. અનંત દર્શન, અનંતજ્ઞાન અને અનંત સમાધિસુખમાં ચાલ્યા જાય છે. અનંતદર્શન-જ્ઞાન-સુખ સ્વભાવમાં ભર્યાં પડયાં છે તેના ઉપર જોર દેતાં જલ્દી જ—અલ્પકાળમાં જ—તરત જ મુક્તિ પામશે. આ જલ્દી એમ સૂચવે છે કે તેના ક્રમમાં અલ્પકાળમાં મુક્તિ છે.

પુરુષાર્થ, કેવળજ્ઞાન, મુક્તિ આદિ બધી પર્યાય તેના ક્રમમાં જ છે. આવી વસ્તુસ્થિતિ છે. પણ શું થાય! સર્વજ્ઞ મળે તો તેની સાક્ષી આપે.

સમસ્ત દુ:ખ એટલે શારીરિક, માનસિક આદિ બધાં જ દુ:ખથી સર્વપ્રકારે મુક્ત થાય છે.

મોહ, રાગ, દ્વેષ ઉપર અતિ દૃઢ પ્રહાર સિવાય બીજો કોઈ અન્ય ઉપાય જીવને સમસ્ત દુ:ખથી મુક્ત કરી શકતો નથી. અન્ય વ્યાપાર એટલે વ્રતનો, તપનો, ભક્તિનો, દયા-દાનનો વગેરે કોઈ ઉપાય સમસ્ત દુ:ખથી પરિમુક્ત કરી શકતો નથી. તો પછી થોડા દુ:ખથી તો તે મુક્ત કરતો હશે ને! ના, જરા પણ નહિ.

હવે દૃષ્ટાંત આપે છે કે હાથમાં તલવારવાળા મનુષ્યની માફક. જેમ હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુ સંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. ધીમે ધીમે તલવાર ચલાવે તો પણ શત્રુ મરે નહિ. તરવારનો જોરદાર ઘા કરે તો જ શત્રુ મરે તેમ, આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ ઉપર અતિ દક્ષતાથી તેનો પ્રહાર કરે તો જ તે સર્વદુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ માટે જ સર્વ આરંભથી (-યત્નથી) મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું.

રાગની મંદતા કરતાં કરતાં રાગનો નાશ થઈ જશે એમ નહિ પણ નિર્ભયપણે મોહ-રાગ-દ્વેષ ઉપર જિનવાણીથી પ્રાપ્ત બોધનો પ્રહાર કરવાનો છે. પરમાત્મપ્રકાશમાં આવે છે કે ધર્મીએ રાગ અને મોહરૂપી બંધુનો નાશ કરી નાંખ્યો. બંધુ કેમ કહ્યો? કેમકે અનાદિથી મોહ-રાગ-દ્વેષ જીવની સાથે જ રહ્યા છે, કદી સાથ છોડ્યો નથી માટે તેને બંધુ કહીને ધર્મીએ તેનો નાશ કરી નાંખ્યો છે એમ કહ્યું.

અન્યથા નહિ—એમ કહીને દયા, દાન, વ્રત, તપ, જાત્રા આદિ ઉપાયોથી મોહનો નાશ નહિ થાય એમ કહેવું છે.

આ અનાદિ સંસારમાં આહાહા! મહાભાગ્યથી જિનેશ્વરદેવનો તીક્ષ્ણ ઉપદેશ મળ્યો છે. પ્રથમ તો જિનેશ્વરનો ઉપદેશ કેવો હોય એ જાણવું જોઈએ. અનેકાંતસ્વરૂપને બતાવે અને વીતરાગતા ઉત્પન્ન કરાવે એવો ભગવાનનો ઉપદેશ હોય. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં આવે છે કે જિનેશ્વરના ઉપદેશનો સારમાં સાર એ છે કે સર્વપ્રકારના રાગનો સર્વથા નાશ કરવો. તેમાં મિથ્યાત્વસહિતનો રાગ અને અસ્થિરતાનો રાગ એ બંને આવી ગયા. જિનેશ્વરદેવનો સાચો ઉપદેશ કાને પડવો એ પણ મહાભાગ્ય છે.

એ તીક્ષ્ણ ઉપદેશ મળ્યા પછી પણ જો જીવ મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢ પ્રહાર કરે તો જ તે સર્વદુઃખથી મુક્ત થાય. આમા પુરુષાર્થ જોઈએ—વીર્યનું જોર સ્વભાવ તરફ જવું જોઈએ. જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય'—હોય જ. તો જ તે સર્વથા દુઃખથી મુક્ત થાય છે.

હવે જુઓ! આચાર્ય પોતે કહે છે કે...માટે જ સર્વ આરંભથી મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું. પુરુષાર્થનો આશ્રય કરું છું—પરિણતિમાં પુરુષાર્થ છે, રાગનો આશ્રય નથી, આશ્રય તો દ્રવ્યનો છે. પૂર્ણ નિર્મળપરિણતિ પ્રગટ કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું એટલે કે સ્વભાવ તરફ ઢળવાનો જ મારો પુરુષાર્થ છે.

# દ્રવ્યની ઉપાસના કરનારે જ દ્રવ્યને શુદ્ધ જાણ્યું છે

[ શ્રી સમયસાર શાસ્ત્ર ગાથા–૬ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રીગુરુ પાસે શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! આપ જે 'શુદ્ધાત્મા' કહો છો તે કોણ છે? કેવો છે? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ અને જેને જાણવાથી જ જીવનું હિત થાય અને અહિત ટળે એ ચીજ શું છે?

ત્યારે શ્રીગુરુ ઉત્તર આપે છે કે આત્મા અનાદિઅનંત નિત્ય ઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે તે જ્યાં સુધી સંસાર અવસ્થામાં છે ત્યાં સુધી દુરંત કષાયચક્રને ઉત્પન્ન કરનાર શુભાશુભભાવ પર્યાયમાં તેને થાય છે પણ જ્ઞાયકભાવ છે તે શુભાશુભ-ભાવરૂપે થતો નથી. કારણ કે શુભાશુભભાવ તો અંધારા સમાન છે અને જ્ઞાયકભાવ તો પ્રકાશસ્વરૂપ છે. જ્ઞાયકભાવ જો શુભાશુભરૂપે થઈ જાય તો તો આત્મા જડ થઈ જાય. જ્ઞાયકવસ્તુ શુભાશુભભાવરૂપે નહિ થતી હોવાથી પ્રમત્ત અને અપ્રમત્તના ભેદો પણ તેમાં નથી.

આ છઠ્ઠીના લેખ જેવી મૂળ ગાથા છે.

જે એકલા જ્ઞાનરસ, આનંદરસ, વીતરાગરસ, શાંતરસસ્વરૂપે બિરાજમાન છે તે જ્ઞાયકભાવ રાગરૂપે કેમ થાય! જ્ઞાયકભાવ કદી રાગરૂપે થતો નથી. પર્યાયમાં રાગ થાય પણ વસ્તુમાં રાગ નથી.

ચૈતન્યપ્રકાશનો શીતળ શીતળ ચંદ્ર અશીતળ એવા જે વિકાર અને આકુળતા તેના સ્વરૂપે કેમ થાય! જ્ઞાયકભાવ–વસ્તુસ્વભાવ શુભાશુભભાવપણે કેમ થાય! જ્ઞાયકભાવ શુભાશુભપણે નહિ થતો હોવાથી તે પ્રમત્ત કે અપ્રમત્ત નથી.

હવે આ છેલ્લી લીટી આવે છે તે મુદ્દાની છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે પણ તે શુદ્ધપણે જણાય કોને?—કે જે સમસ્ત અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.

અહીં અન્યદ્રવ્યના ભાવોમાં કર્મની શક્તિ અને તેનો અનુભવ—રસ લેવો, વિકારને અન્યદ્રવ્યના ભાવમાં ન લેવો. કારણ કે અન્યદ્રવ્યનું લક્ષ છૂટતાં વિકારનું લક્ષ સાથે જ છૂટી જાય છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ પણ ભિન્નપણે ઉપાસવાનો આ અર્થ જ કર્યો છે. શુદ્ધચૈતન્યજ્ઞાયકભાવ પોતે કદી શુભાશુભભાવપણે થયો નથી માટે શુદ્ધ જ

છે પણ એ શુદ્ધ છે એમ જણાય કોને? કે જે તેને પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસે તેને આત્મા શુદ્ધ જણાય છે. અન્યદ્રવ્યના ભાવો એટલે કર્મ અને તેના રસનું લક્ષ છોડી સ્વદ્રવ્યની પર્યાયમાં સ્વની ઉપાસના-સેવા કરે ત્યાં વિકારનું લક્ષ છૂટી જ જાય છે.

આ મૂળ 'દર્શનશુદ્ધિ'ની વ્યાખ્યા છે.

ચૈતન્યની મૂળ રકમ પવિત્ર અને શુદ્ધ જ્ઞાયક છે તે શુદ્ધ છે એવો ખ્યાલ કોને આવે? જે છે એ તો છે જ પણ તેની પ્રતીતિ અને જ્ઞાન કોને થાય! કે જે અન્યદ્રવ્યના ભાવોમાં પોતાનું અસ્તિત્વ છે એમ માનતો હતો તે માન્યતા છોડી દે તેની પર્યાય અંતરમાં જ્ઞાયકભાવ છે તેનું લક્ષ કરે છે ત્યારે સ્વદ્રવ્યનું શ્રદ્ધાન અને જ્ઞાન થતાં પર્યાયમાં શુદ્ધતાનું સેવન થાય છે. વર્તમાન જ્ઞાન અને શ્રદ્ધાની પર્યાયમાં પરનું લક્ષ છોડીને સ્વના લક્ષમાં આવ્યો ત્યાં તેને શુદ્ધતાનું સેવન થયું એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ. એ એકાગ્રતા થઈ તેમાં જણાયું કે આત્મા શુદ્ધ છે.

બહુ ઝીણી વાત છે ભાઈ!

શ્રોતાઃ—અપૂર્વ છે.

ચૈતન્ય જાનનપ્રભુ સ્વયંજ્યોતિ સુખધામ છે. તેનું લક્ષ ક્યારે થાય!—કે પર્યાયમાં તેના તરફનું વલણ થાય ત્યારે તેનું લક્ષ થાય. વસ્તુ તો શુદ્ધ છે જ પણ તેને અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે. જે પર્યાયમાં શુદ્ધ છે એમ જણાયું તેને 'શુદ્ધ' કહેવાય છે.

સામે શાસ્ત્ર છે? સમજાય છે!

એક તરફ ભગવાન જ્ઞાયકદેવ છે અને બીજી તરફ અનંતા અન્યદ્રવ્યો છે તેમાં અહીં મુખ્યપણે કર્મની વાત છે. અનાદિથી જીવને પોતાના જ્ઞાયકદેવનું લક્ષ તો છૂટી ગયેલું જ છે (છે જ નહિ) તેથી તેની પર્યાયમાં હું શુદ્ધ છું એવી દૃષ્ટિ તો થઈ જ નથી અને લક્ષ પણ થયું નથી. હવે જ્યાં સ્વદ્રવ્યનું લક્ષ થયું, દૃષ્ટિ થઈ ત્યાં વર્તમાન પર્યાયમાં શુદ્ધતા થઈ. તે પર્યાયમાં દ્રવ્ય શુદ્ધ છે એમ જણાય છે.

આમ શુદ્ધતા દ્વારા શુદ્ધ દ્રવ્ય જણાયું તેને 'શુદ્ધ' કહેવાય છે. જેને પર્યાયમાં અશુદ્ધતા છે અને અશુદ્ધતા ઉપર જ લક્ષ અને દૃષ્ટિ છે તેને દ્રવ્ય શુદ્ધ હોવા છતાં શુદ્ધ નથી.

અહા! સમયસારની એક એક ગાથા અને એક એક પદ સર્વજ્ઞ અનુસારિણી છે. ત્રિલોકનાથ સર્વજ્ઞપ્રભુએ કહેલી વસ્તુ જ સંતો કહી રહ્યાં છે અને શ્રોતાને

ન્યાયથી તે વસ્તુ ખ્યાલમાં આવી શકે છે. ન્યાયથી ખ્યાલમાં આવે અને પછી અંદરમાં જાય તો અનુભવ થાય.

એક પદ કાલે બાકી રાખ્યું હતું ને! જલ્દી ઉકલે તેવું ન હતું. જે જ્ઞાયક છે તે જ—કે જેમાં કોઈ પર્યાય નથી, જેમાં કોઈ શુભાશુભભાવ નથી, પ્રમત્ત-અપ્રમત્તના ભેદ નથી એવો ચૈતન્યચંદ્ર—સમસ્ત અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. નોકર્મ ઉપર દૃષ્ટિ છે પણ ખરું તો કર્મના ઉદય વર્તે છે તેના તરફનો જીવનો ઉદયભાવ થઈ રહ્યો છે તેનું લક્ષ છોડી દઈને, જ્ઞાયકમૂર્તિ ચૈતન્યચંદ્રને ઉપાસવામાં આવતા તે પર્યાયને શુદ્ધ કહેવાય છે.

"ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન;
મત-મદિરાકે પાનસોં, મતવાલા સમજે ન."

આત્મા વસ્તુ શુદ્ધ છે તેને જ્ઞાયક કહો, જિન કહો, ધ્રુવ કહો, અભેદ કહો, સામાન્ય કહો...એ બધા ભાવો તેમાં રહેલા છે પણ અજ્ઞાનીને પર ઉપર લક્ષ અને રુચિ છે તેથી પોતાની સમીપમાં આવું મહાન દ્રવ્ય પડ્યું હોવા છતાં તેની તેને ખબર નથી. એક સમયની પર્યાયની સમીપમાં જ પ્રભુ પડ્યો છે.

પ્રભુ! તું એવો પ્રભુ છો કે તારી પ્રભુતાનું કથન કરવું કઠણ પડે તેવો તું સર્વોત્કૃષ્ટ નાથ અંદર બિરાજે છે અને તારી જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પણ એવો છે કે એક સમયમાં આખા દ્રવ્યને જાણી લે. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાય છે પણ ૧૭-૧૮ ગાથામાં કહ્યું તેમ અજ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી અનાદિથી મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ જ પર ઉપર અથવા દયા, દાન, વ્રત, ક્રોધાદિભાવો ઉપર અથવા તેને જાણનારી એક સમયની પર્યાય ઉપર રહેલી છે, સત્ સાહેબ જ્ઞાયકભાવ પૂર્ણાનંદપ્રભુ કે જે સત્ય વસ્તુ છે તેની ઉપર અજ્ઞાનીની નજર જ નથી. એ તો એક સમયની પર્યાય ઉપર ઊભો છે.

ત્રિલોકનાથ જિનેશ્વરદેવના કેડાયત સંતો એમ કહે છે કે પ્રભુ એમ કહે છે કે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જણાય રહ્યો છે. જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનમાં જ્ઞાયક જણાય રહ્યો છે પણ અજ્ઞાનીની નજર તેના ઉપર નથી. સંતો કહે છે—ભલે તારી નજર ત્યાં ન હોય પણ પર્યાયમાં દ્રવ્ય જણાઈ જ રહ્યું છે. જે પર્યાય રાગને અને પરને જાણી રહી છે તે જ પર્યાયમાં સ્વ પણ જણાય છે—સ્વને જાણનારી પણ તે જ પર્યાય છે પણ સ્વ ઉપર તારી નજર નહિ હોવાથી મને રાગાદિ જ જણાય છે એમ માને છો એ તારી મિથ્યાબુદ્ધિ છે.

હવે જેનું લક્ષ અન્ય દ્રવ્યના ભાવોથી છૂટયું તેને રાગમાંથી પણ લક્ષ છૂટી જાય છે અને પર્યાય ઉપરથી પણ લક્ષ છૂટી જાય છે. આમ અન્યદ્રવ્યના ભાવોથી લક્ષ છોડવાથી અને સ્વભાવનું લક્ષ કરવાથી સમ્યગ્દર્શનરૂપ ધર્મની શરૂઆત થાય છે એ વિના તો મનુષ્યભવ મળ્યો હશે તે પણ એમ જ ચાલ્યો જશે. તત્ત્વની દૃષ્ટિ વિના જિંદગી ચાલી જશે. એવી રીતે તો ચોરાશીલાખ યોનિના અનંતા અવતાર ચાલ્યા ગયા અને આ ભવમાં પણ નહિ સમજ તો જ્યાં કોઈ તારું નથી એવા અવતારમાં ચાલ્યો જઈશ. માટે સંતો તને કરુણા કરીને કહે છે કે એકવાર તો જ્યાં પ્રભુ છે ત્યાં નજર કર ને!

સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી લક્ષ છોડવાનું કહ્યું તેમાં તીર્થંકર અને તીર્થંકરની વાણી ઉપરથી પણ લક્ષ છોડવાનું આવી ગયું. સમસ્ત અન્યદ્રવ્ય અને તેના ભાવ...ભગવાનનો ભાવ કેવળજ્ઞાન અને કર્મનો ભાવ પુણ્ય-પાપનો રસ...એ બધાંનું લક્ષ છોડી દે. રાગથી અને નિમિત્તથી જુદા વીતરાગી શીતળ સ્વભાવથી ભરેલા ચૈતન્યચંદ્ર ભગવાનનું લક્ષ થતાં તે દ્રવ્ય જેવું છે તેવું જણાય છે. પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જવું તે દ્રવ્યની ઉપાસના છે—સેવા છે.

આહાહા...! આ તો દ્રવ્યની સેવા કરવાની વાત છે. આમાં કેટલું ભર્યું છે.

અરેરે! જગતના જીવો આવા દ્રવ્યસ્વભાવની સેવાના અભાવમાં ક્યાં ક્યાં રખડી રહ્યાં છે! ચોરાશીના અવતાર...કાગડાના, કૂતરાના, નરકના નિગોદના અવતાર કરી કરીને રખડી મરે છે. દિગંબર સાધુ પણ અનંતવાર થયો પણ દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર જ રહી. પૂર્ણસ્વરૂપ નિજભગવાનની ઉપાસના એટલે કે તેનો સ્વીકાર અને સત્કાર તેણે કદી કર્યો નથી.

અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે. રાગ અને પર્યાયનું પણ લક્ષ છોડી, સ્વરૂપનું લક્ષ થતાં પર્યાયમાં જે શુદ્ધતા થાય છે ત્યારે તે શુદ્ધતાએ દ્રવ્યની સેવા કરી કહેવાય છે. શુદ્ધતાએ શુદ્ધદ્રવ્યનો સ્વીકાર કર્યો. તેથી જે પર્યાયે દ્રવ્યને શુદ્ધ સ્વીકાર્યો તે પર્યાયને શુદ્ધ કહેવામાં આવે છે.

ગંભીર ભાષા છે ભાઈ! સમયસાર અઢારવાર તો ચાલી ગયું, આ ઓગણીસમી વાર ચાલે છે. સંતો આડતિયા થઈને વીતરાગ ત્રણલોકના નાથની વાણીની જાહેરાત કરે છે. પ્રભુ! તું કોણ છે? અને કેવો છો તેની તને ખબર ક્યારે પડે! એ વાત અહીં સમજાવે છે.

તું સદાય જ્ઞાયક છો કે જેમાં શુભાશુભભાવ છે જ નહિ તેથી તેમાં પર્યાયભેદ

પણ નથી પણ એવા જ્ઞાયકની તને ખબર ક્યારે પડે!—કે જ્યારે તું પરનું લક્ષ છોડી દઈ, દ્રવ્યસ્વભાવને ધ્યેય બનાવી તેનો સત્કાર કર, ઉપાસના કર ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થશે, તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આત્મા શુદ્ધ છે એમ જણાય છે.

લોકોને આવો વીતરાગમાર્ગ મળ્યો નથી અને બહારની, શરીરની પ્રવૃત્તિમાં ધર્મ માની લીધો છે તેથી આ કઠણ લાગે છે પણ એ બધો રાગમાર્ગ છે, જૈનમાર્ગ નથી.

અહીં તો પ્રભુ એમ કહે છે કે તારી પ્રભુતા કેવી છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ એમ તે પૂછ્યું હતું તેનો ઉત્તર આ છે કે તારી પ્રભુતા તો જ્ઞાયકસ્વરૂપે છે તેની તું ઉપાસના કર ત્યારે તે તને અનુભવમાં આવી શકે છે. સંપૂર્ણપણે પરદ્રવ્ય અને પરભાવોનું લક્ષ છોડી દઈ, જ્ઞાયકભાવ કે જે સદા શુદ્ધ છે તેની ઉપર લક્ષ જતા પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે ત્યારે તે જીવને 'શુદ્ધ' કહેવામાં આવે છે. અંતરના લક્ષને કારણે—અંતરસ્વભાવના સત્કારને કારણે—અંતરસ્વભાવના આશ્રયને લઈને તે જીવને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે.

અરે! અનંતકાળ આમ ને આમ વીતી ગયો...અનંતવાર જૈનમાં જન્મ્યો, ભગવાનના સમવસરણમાં અનંતવાર જઈ આવ્યો પણ અહીં જ્યાં જવું છે ત્યાં ગયો નહિ. ત્યાં જવાની રીત શું છે તેની પણ ખબર ન પડી. આ એક લીટીમાં આખો માર્ગ બતાવી દીધો છે. તેનો વિસ્તાર કરતા પાર પડે તેમ નથી. ભગવાનની વાણી અને તેનો ભાવ જે ભાવભાસનમાં આવે તે વાણીમાં પૂરો આવી શકતો નથી. અહા! આવી સાક્ષાત્ વાણી શાસ્ત્રમાં પડી છે.

તે જ્ઞાયકભાવ પુણ્ય-પાપપણે થયો જ નથી એટલે કે પુણ્ય-પાપના કારણ એવા શુભાશુભભાવપણે જ્ઞાયકભાવ થયો જ નથી. તેથી પ્રમત્ત-અપ્રમત્તના ભેદો પણ જ્ઞાયકભાવમાં નથી. ચૌદગુણસ્થાનના ભેદો પણ તેમાં નથી. એવો જે અભેદ ભગવાન જ્ઞાયક એકરૂપ પૂર્ણ શુદ્ધ પ્રભુ છે તે ક્યારે 'શુદ્ધ' કહેવાય! અર્થાત્ તેને શુદ્ધ કોણ કહી શકે કે જેને પૂર્ણાનંદ ભગવાન સિવાય કોઈ પણ પરચીજની અધિકતા, મહિમા, ચમત્કાર, વિશેષતા કે અચિંત્યતા છૂટી ગઈ છે. એક જ્ઞાયકભાવ જ અધિકપણે, મહિમાવંતપણે, અચિંત્યપણે ભાસે છે તેને જ્ઞાયકભાવ શુદ્ધપણે પર્યાયમાં અનુભવમાં આવે છે, તેને 'શુદ્ધ' કહેવાય છે.

જ્ઞાયકભાવની મહિમા વગર કદાચિત્ જીવ શુભભાવમાં આવે તો તે પણ મજૂરી

છે. જેમાં પર્યાય નથી એવી તારી ચીજને પકડતા જે પર્યાય પ્રગટ થાય તેમાં વસ્તુ શુદ્ધ છે એમ જણાય છે. દયા, દાન, વ્રતના વિકલ્પથી તે જણાય તેવો નથી. કારણ કે તે તો રાગ છે—દુઃખ છે અને ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. તેની સેવા એટલે તેનો સત્કાર કરતા, બીજા બધાંથી તે અધિકપણે ભાસતા પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય તેને તે શુદ્ધ કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ! સમજાય તો તો અલૌકિક વાત છે પણ 'કાંઈ' એટલે આ કઈ પદ્ધતિથી કહેવાય છે તેની કાંઈ ગંધ આવે છે? અરેરે! મૂળ ભગવાન છે ત્યાં જતો નથી અને બીજે રોકાઈ રહ્યો છે! રાંકા એવા પુણ્ય-પાપભાવને પકડીને બેઠો છે. પામરને પકડીને બેઠો તેને પ્રભુતા ક્યાંથી જણાય! એક સમયની નિર્મળ પર્યાય પણ કેવળજ્ઞાન પાસે પામર છે તો જે હજુ પોતાના વસ્તુસ્વરૂપને જાણતો નથી અને પરમાં સર્વસ્વ માનીને બેઠો છે તે તો પામરથી પણ મોટો પામર છે. જે પર્યાયમાં ભગવાન પધાર્યા નથી, પુણ્ય-પાપને વિકાર જ જેમાં વસેલાં છે તે પર્યાય ભિખારી છે—પામર છે.

અહીં તો જે પર્યાય પરની સેવાથી જુદી પડી અને સ્વની સેવામાં લાગી, સ્વનો આદર કર્યો ત્યાં પર્યાયમાં સમ્યક્દર્શન થયું તેમાં જણાયું કે આ જ્ઞાયકભાવ શુદ્ધ છે. આ સમ્યગ્દર્શન પણ કેવળજ્ઞાન અને ત્રિકાળીવસ્તુની પાસે પામર છે.

જેણે નિત્ય શુદ્ધ ચૈતન્યપણું ધારી રાખ્યું છે, જેમાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, વિકલ્પની ગંધ નથી એવા ભગવાન આત્માને જેણે પર્યાયમાં શોધ્યો, સાધ્યો અને શુદ્ધ છે એમ અનુભવ કર્યો તેને આત્મા શુદ્ધ છે—જ્ઞાયક છે—ભૂતાર્થ છે એમ કહેવામાં આવે છે. એ સિવાય મોટા વ્રત પાળે કે મોટા મંદિર બંધાવે કે કરોડો રૂપિયા દાનમાં ખર્ચી નાંખે પણ શ્રદ્ધામાં તો મોટા ગોટા છે તે બધાં ફોતરાં ખાંડે છે. તેમાં જન્મ-મરણનો અંત નથી પણ જન્મ-મરણના બીજ છે. શુભભાવ મારો છે અને હું કરું છું એવો મિથ્યાત્વભાવ ચોરાશીના અનંતા અવતારનો ગર્ભ છે. તેમાંથી નરક, નિગોદ અને પશુના અવતારો થશે. ત્યાં કોઈની સપારસ (લાગવગ) કામ નહિ આવે કે અમે ઘણાં માણસોને ભેગા કરીને સમજાવ્યા હતા...દાન દીધા હતા...

બાપુ! આ વસ્તુ જ જુદી છે. અહીં તો બોલવાનો વિકલ્પ પણ મારો નથી, ત્રણલોકના નાથ અને તેની વાણી પણ મારી નથી. તેના લક્ષમાં જતાં મને રાગ થાય છે માટે તેનું પણ લક્ષ છોડી એક જ્ઞાયકભાવ ઉપર નજર કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે તેને આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે.

સમયસારની છઠ્ઠી અને અગિયારમી ગાથા તો અલૌકિક છે. આ તો છેલ્લા એક પદની વ્યાખ્યા ચાલે છે. આવું કહેનારા આત્માના અનુભવી સંતની વાણીનું શું કહેવું! કહે છે કે દ્રવ્યસ્વભાવની સેવા એટલે દૃષ્ટિમાં તેનો આદર અને સત્કાર કરે તો તેને માટે દ્રવ્ય શુદ્ધ છે.

પુણ્યમાં ધર્મ અને પાપમાં અધર્મ માનનારા મિથ્યાદૃષ્ટિ જીવોનું અહીં કામ નથી. પ્રભુનો મારગ એવો છે કે ત્યાં શૂરવીરોનું કામ છે. કાયરો તે માર્ગે ચાલી શકતા નથી. અહીં તો અંતરના સ્વરૂપને સ્વીકારે એવા પુરુષાર્થી જીવોનું કામ છે. અંતરસ્વરૂપનો સ્વીકાર કરવો તે પુરુષાર્થ છે.

હવે ટીકામાં ચોથા પદની વ્યાખ્યા કરે છે...

વળી દાહ્યના (બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...જેમ લાકડાં, છાણાં આદિને બાળવાથી અગ્નિનો આકાર પણ લાકડાં અને છાણાં જેવો થાય છે પણ તે આકાર અગ્નિનો છે, કાંઈ લાકડાં કે છાણાંનો નથી કે તેના કારણે એવો આકાર થયો નથી. બળવાયોગ્ય પદાર્થના આકારને કારણે અગ્નિનો એવો આકાર થયો છે એવી અશુદ્ધતા કે પરાધીનતા અગ્નિને નથી. અગ્નિનો આકાર અગ્નિથી પોતાથી થયો છે. બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થઈ તે અગ્નિ સ્વયં પોતાથી તેવા આકારે થઈ છે. હજુ આ તો દૃષ્ટાંત છે, સિદ્ધાંત તો પછી ઉતારશે. અગ્નિનો આકાર છે તે અગ્નિનો છે. બળવાયોગ્ય પદાર્થનો તે આકાર નથી.

તેવી રીતે જ્ઞેયને જાણવાથી જ્ઞાન જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનનો પોતાનો આકાર છે. શરીર, વાણી, મન આદિ જે જે કાંઈ દેખાય તેનો જેવો આકાર છે તેવો જ્ઞાનનો આકાર થવાથી કાંઈ જ્ઞાનને તેની આધીનતા આવી જતી નથી. કેમ જાણે જ્ઞેયથી જ્ઞાન થયું હોય એવી પરાધીનતા જ્ઞાનના સ્વરૂપમાં નથી. જ્ઞાન સ્વયં તે તે આકારે થાય છે. પરના જાણવાકાળે જ્ઞાન તે તે વસ્તુના આકારે થાય છે માટે તે વસ્તુથી તે જ્ઞાનનો આકાર થયો છે—એમ નથી. જ્ઞાન સ્વતંત્રપણે પોતાથી તે તે આકારે થયું છે.

જરા સૂક્ષ્મ લઈએ તો, જેવો જેવો રાગ થાય છે તેવું તેવું જ્ઞાન થાય છે પણ તે રાગના કારણે જ્ઞાન થતું નથી. રાગના જેવી જ જ્ઞાનની પર્યાય થાય પણ તેથી રાગને કારણે જ્ઞાનની પર્યાય થઈ છે—એમ નથી. જ્ઞાન પરાધીન નથી. જ્ઞાન પોતાથી જ જ્ઞાનાકારે થાય છે, રાગના કારણે જ્ઞાનનું પરિણમન નથી. જ્ઞાનાકારે જ્ઞાન પોતે પોતાથી પરિણમે છે.

દિવસના ૨૪ કલાકમાં ૨૨-૨૩ કલાક તો લોકો સ્ત્રી, પરિવાર, ધંધા આદિમાં વીતાવી દે છે અને ૧-૨ કલાક મળે તેમાં ધર્મ સાંભળવા જાય ત્યાં કુગુરુ ખોટી માન્યતા અનુસાર ઉપદેશ કરીને તેનો સમય લૂંટી લે છે, અરેરે! જિંદગી ચાલી જાય છે.

પરમાત્માનો પોકાર છે કે પ્રભુ! તેં તારી શુદ્ધતાને જાણી તો શુદ્ધતાની શરૂઆત થઈ ગઈ અને રાગ પણ પર્યાયમાં થાય છે અને તે રાગનું જ્ઞાન પણ થાય છે તો એ રાગ છે માટે જ્ઞાન થયું છે એમ નથી. જેવો રાગ છે તેવું જ જ્ઞાન થાય છે તેથી કાંઈ તેમાં જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જતી નથી કારણ કે—તે જ્ઞાનનો પોતાનો આકાર છે. રાગ સંબંધીનું જ્ઞાન જ્ઞાનથી પોતાથી સ્વાધીનપણે થયેલું છે.

વીતરાગનો મારગ ઝીણો છે. અત્યારે તો સાંભળવા પણ મળતો નથી, ત્યાં એ માર્ગે ચાલે ક્યાંથી!

સમ્યગ્દૃષ્ટિને પોતાની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે એમ જણાયું તેથી તેને શુદ્ધ કહ્યો એ તો એક વાત થઈ. હવે બીજું, તેની પર્યાયમાં રાગ થાય છે અને રાગ સંબંધીનું જ્ઞાન પણ થાય છે પણ તે જ્ઞાન રાગને આધીન નથી. જ્ઞાન સ્વાધીનપણે પોતાથી થાય છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે માટે પરનું જ્ઞાન થાય છે. જેવું જ્ઞેય છે એવું જ જ્ઞાન થાય છે એટલે શું તેને જ્ઞેયની પરાધીનતા છે?—ના, એ જ્ઞાન જ્ઞેયકૃત નથી. જ્ઞાન પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવથી પ્રકાશે છે.

ગહન વિષય છે બાપુ! સત્ય હાથ ન આવે તે જીવો મરી જવાના છે. બિચારા ચોરાશીના અવતારમાં રખડી રખડીને હેરાન થઈ ગયા છે. પ્રભુ તો કહે છે તારાં નરકના એક ક્ષણના દુઃખ કરોડો વર્ષો અને કરોડો જીભથી કહી શકાય તેમ નથી. એવા એવા દુઃખ તો તેં ૩૩ સાગર સુધી અનંતવાર ભોગવ્યા છે. આવા દુઃખ શા માટે પડે છે?—કે એક જ કારણ છે—'મિથ્યાત્વ'. સમ્યગ્દર્શન વિના આવા ચોરાશી લાખ યોનિના અવતારમાં રખડી મરવાનું છે.

જેણે ત્રિકાળી શુદ્ધદ્રવ્યને દૃષ્ટિમાં પકડયો અને તેનું જ્ઞાન કર્યું તથા અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો એવા સમ્યગ્દૃષ્ટિને પણ જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ તો આવે છે અને રાગનું જ્ઞાન પણ તેને થાય છે. મંદરાગ હોય તો તેને મંદ જાણે, તીવ્ર રાગને તીવ્ર જાણે, જેમ હોય તેમ જાણે છે તેથી કાંઈ તે જ્ઞાન રાગકૃત નથી માટે જ્ઞાનમાં રાગકૃત અશુદ્ધતા આવતી નથી. જ્ઞાનકૃત જ્ઞાનાકાર પોતાના કારણે થાય છે.

જ્ઞાન શરીર, મન, વાણી, સંયોગ, સ્ત્રી આદિ સર્વને જેમ છે તેમ જાણે છે

તે જ્ઞાન પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી જાણે છે. માટે તે જ્ઞાતાનું એકલાનું જ કાર્ય છે તેમાં તેને જ્ઞેયની મદદ કે પરાધીનતા નથી.

ફરીને...અહીં તો જેને શુદ્ધાત્મા પોતાની પર્યાયમાં જણાયો તેને પર અને રાગાદિનું જ્ઞાન પણ થાય છે તે શું છે તેની વાત ચાલે છે. જેને આત્માનું જ જ્ઞાન નથી તેની તો વાત નથી, એ તો પરાધીન થઈને મિથ્યાત્વમાં રખડી મરવાના છે.

જેને જ્ઞાનસ્વરૂપી—જિનસ્વરૂપી વસ્તુ પોતાના જિનસ્વરૂપી પરિણામમાં જાણવામાં આવી—શુદ્ધપરિણામમાં શુદ્ધ વસ્તુ જણાઈ તેને 'શુદ્ધ' કહ્યો. એ જ જીવને રાગ-દ્વેષાદિ ભાવો થઈ રહ્યા છે તેને પણ જ્ઞાન જાણે છે તેથી શું જ્ઞાન પરાધીન છે?—ના, સ્વપ્રકાશનની જેમ પરપ્રકાશન પણ જ્ઞાનનો સ્વતઃસ્વભાવ હોવાથી રાગના કાળે જ્ઞાન તેને જાણતું પરિણમે છે એ જ્ઞાન જ્ઞાયકનું છે, રાગનું નથી.

અરેરે! આ ચીજ ન મળે તે શું કરે! અનંતભવ આમ જ વીતી ગયા. દિગંબર સાધુ પણ અનંતવાર થયો, પણ રાગની એકતા તોડીને સ્વભાવનું જ્ઞાન આ જીવે કદી કર્યું નથી. ખરેખર, સ્વભાવનું જ્ઞાન થવામાં તેને કોઈ પરની અપેક્ષા નથી તેમ જ પરનું જ્ઞાન થવામાં પણ તે જ્ઞાનને પરની અપેક્ષા નથી.

સમજાય એટલું સમજવું પ્રભુ! આ તો ત્રણલોકના નાથની વાતો છે. જેને ઇન્દ્રો અને ગણધરો સાંભળે એ વાત કાંઈ સાધારણ હશે!

જ્ઞેયાકાર થવાથી તે ભાવને એટલે કે જ્ઞાનને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જ્ઞાન જાણનાર છે એ વાત તો પ્રસિદ્ધ છે. રાગ જેવો છે તેવો જણાય છે માટે કાંઈ જ્ઞાનને રાગની અપેક્ષા છે—એમ નથી. [ ક્રમશઃ ]

---

## સુવર્ણપુરી સમાચારઃ—

* ધાર્મિક શિક્ષણવર્ગઃ—ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૭, બુધવારથી તા. ૨-૧-૯૮, શુક્રવાર—૧૦ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થીઓને લાભ લેવા સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી આમંત્રણ છે.

* બેંગલોરના રાજાજીનગર-ઉપનગરમાં નવનિર્મિત શ્રી નેમિનાથ દિ. જિનમંદિરનો પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ તા. ૨-૨-૯૮ થી તા. ૯-૨-૯૮ ઉજવવામાં આવશે. વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

* શ્રી કુંદકુંદઆચાર્ય-પદારોહણ-દિન—માગશર વદ ૮, સોમવાર, તા. ૨૨-૧૨-૯૭ના રોજ પૂજાભક્તિ તેમ જ જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯મા સમાધિદિન પ્રસંગે સુવર્ણપુરીમાં પાંચ દિવસનો

## ❋ ધાર્મિક કાર્યક્રમ ❋

[ તા. ૧૭-૧૧-૯૭ થી તા. ૨૧-૧૧-૯૭ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યસમાધિનો સત્તરમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૪, કારતક વદ ૭, શુક્રવાર, તા. ૨૧-૧૧-૯૭ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૭-૧૧-૯૭, સોમવારથી તા. ૨૧-૧૧-૯૭, શુક્રવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

### ❋ અમેરિકામાં આધ્યાત્મિક પ્રવચનોનું ભવ્ય આયોજન ❋

અધ્યાત્મયુગપ્રવર્તક, સ્વાનુભૂતિમાર્ગદર્શક, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તેમ જ તદ્‌ભક્ત સ્વાનુભૂતિવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મ ધર્મોપદેશથી તથા ધર્મોપકારના સુપ્રતાપે ઈ. સ. ૧૯૮૮થી પ્રતિવર્ષ બે પ્રવચનકાર વિદ્વાનો અમેરિકા જઈને ત્યાંના જિજ્ઞાસુ મુમુક્ષુઓને પ્રવચન તથા શિક્ષણવર્ગ વડે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનો લાભ આપે છે. આ વર્ષે વિદ્વાન શ્રી રાજેન્દ્રભાઈ કામદાર ( રાજકોટ )નો પ્રવચન-પ્રવાસ સફળ રહ્યો. હવે તા. ૨૬ ઓક્ટોબરથી તા. ૫ ડિસેમ્બર ૧૯૯૭ સુધી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ ( વાંકાનેર ) લેન્સડેલ, કિંગ્સ્ટન, સિદ્ધાચલમ્, ફીનીક્ષ, માયામી, ટેમ્પા તથા ન્યૂપોર્ટ રીચીમાં તત્ત્વરસપૂર્ણ પ્રવચન આપશે. ઈ. સ. ૧૯૯૮ના વર્ષમાં, અમેરિકાની સંસ્થાના નિમંત્રણને સ્વીકારીને સોનગઢ ટ્રસ્ટના માનદ્ ટ્રસ્ટી તેમ જ સેક્રેટરી તેમ જ વિદ્વાન પ્રવચનકાર શ્રી ચીમનભાઈ ઠાકરશી મોદી તથા વિદ્વાન પ્રવચનકાર શ્રી સુરેશભાઈ સંઘવીએ અમેરિકાના પ્રવાસની સંમતિ આપી છે, જે અત્યંત આનંદની વાત છે. વિશેષ જાણકારી માટે અમેરિકાની “ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ ” સંસ્થાના સેક્રેટરી તથા કાર્યક્રમ-આયોજકનો સંપર્ક કરવો—શ્રી હસમુખભાઈ મગનલાલ શાહ

PHONE : 813-376-7290 FAX : 813-843-8157

## વૈરાગ્ય સમાચાર :—

* નાગનેશનિવાસી (હાલ–અમદાવાદ) શ્રી કાંતાબેન કાળીદાસ (વર્ષ–૭૮) તા. ૨૯–૭–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે.

* શ્રી સૂરજબેન રતીલાલ કામદાર (—તે શ્રી મનુભાઈ કામદારના માતુશ્રી) (વર્ષ–૮૦) તા. ૩૦–૭–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ખાર (મુંબઈ)નિવાસી શ્રી ઇન્દિરાબેન બિપીનચંદ્ર ઝોબાળિયા (વર્ષ–૫૭) તા. ૪–૯–૯૭ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી મોતીબેન ઠાકરશીભાઈ તા. ૪–૯–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને ઘણો જ લાભ લીધો હતો.

* બોટાદનિવાસી (હાલ–અમદાવાદ) શ્રી નિરંજનભાઈ હિંમતલાલ ગોપાણી (વર્ષ–૫૫) તા. ૩૦–૯–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી નટવરલાલ મકનજીભાઈ કામદાર તા. ૭–૧૦–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી હિંમતભાઈ હરિલાલ ભાયાણી (વર્ષ–૮૫) તા. ૯–૧૦–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા.

* વઢવાણનિવાસી (હાલ–પાલડી–અમદાવાદ) શ્રી શારદાબેન છબીલદાસ સંઘવી (વર્ષ–૬૦) (—તે શ્રી સ્વ. ચંદુલાલ શીવલાલ સંઘવીના નાનાભાઈના ધર્મપત્ની) આસો સુદ ૧૪ના રોજ કિડની ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* ચોટીલાનિવાસી (હાલ–રાજકોટ) શ્રી છબલબેન ગુલાબચંદ કોઠારી (વર્ષ–૯૯) તા. ૨૩–૧૦–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી રસિકલાલ છોટાલાલ કામદાર (વર્ષ–૭૧) તા. ૨૯–૧૦–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી શ્રી અંજવાળીબેન અમરચંદભાઈ (વર્ષ–૮૭) તા. ૨–૧૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વરસિક હતા ને ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* શ્રોતાઃ—જીવ રાગ-દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને?

પૂજ્ય ગુરુદેવઃ—બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઇ ગયું ને છોડવા યોગ્ય બધું છૂટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે. ૭૪.

* ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય. ૭૫.

* અરે પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને! તારી સત્તા છે...છે...છે.... ત્યાં નજર જતી નથી. નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો આચાર્યદેવ કહે છે કે સંસારીમાં ને સિદ્ધમાં કઈ નયથી ભેદ પાડું? શુદ્ધનયને જ ગણવામાં—ગણતરીમાં લેવામાં આવી છે. વ્યવહારનો તો ઉપહાસ કરવામાં આવ્યો છે. સંસારીમાં ને સિદ્ધમાં કાંઈ પણ ભેદ નથી તો કઈ નયથી ભેદ જાણું? ૭૬.

## ✻ ચેતકપણાની જ પ્રસિદ્ધિ ✻

જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકનાં પ્રકાશપણાને જ જાહેર કરે છે—ઘટાદિપણાને નહીં, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતાં રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહીં.

*—શ્રી સમયસાર, ગાથા-૨૯૪*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

સંપાદક : **નાગરદાસ બેચરદાસ મોદી**
તંત્રી : **હીરાલાલ ભીખાલાલ શાહ**
પ્રકાશક : **શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦**
મુદ્રક : **જ્ઞાનચંદ જૈન કહાન મુદ્રણાલય, સોનગઢ**

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

A ૧૮૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. ઢોલેર,
વાયા–સોનગઢ સણોસરા–૩૬૪૨૩૦ (સૌ.)